
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol - 5 Issue - 1
APRIL - 2005

એપ્રિલ – ૨૦૦૫

આત્મ સંવત : ૧૧૦
વીર સંવત : ૨૫૩૧
વિક્રમ સંવત : ૨૦૬૧
પુસ્તક : ૧૦૨

अर्जयेन्न्यायतो द्रव्यमुचितव्यवहारतः ।
प्रतियन् सत्यसिद्धान्तं सन्देशं पारमेश्वरम् ॥

સત્યનો સિદ્ધાન્ત પરમેશ્વરનો સન્દેશ છે એવો વિશ્વાસ રાખી વ્યવહારનું ઔચિત્ય જાળવવા સાથે ન્યાયથી-ઈમાનદારીથી દ્રવ્યોપાર્જન કર.

Having believed the principle of truth as the divine message, earn money in conformity with justice and honesty through proper avocational dealings.

(કલ્યાણભારતી ચેપ્ટર - ૧, ગાથા : ૬, પૃષ્ઠ - ૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂ. પં પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની પ્રેરણાને ઝીલીને હવે....

## દેશ વિદેશમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરાવવા માટે યુવાનોની સાથે તપોવનીઓ સુસજ્જ

જૈન સંઘના અગ્રણી માનનીય ટ્રસ્ટીવર્યો !

આપના ગામ કે નગરમાં જો પર્વાધિરાજ પર્યુષણપર્વની

આરાધના કરાવવા માટે પૂજ્ય સાધુ - સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો તે માટે

**અમારા યુવાનો તથા તપોવની બાળકોને દર વર્ષે જરૂરથી બોલાવજો.**

### આ યુવાનો તથા તપોવનીઓ આપના જૈન સંઘમાં

૧. અષ્ટાન્હિકા તથા કલ્પસૂત્રની પ્રતનું સુંદર વાંચન કરશે.
૨. રાત્રે પરમાત્માભક્તિમાં બધાને રસતરબોળ કરી દેશે.
૩. બન્ને ટાઈમના પ્રતિક્રમણ વિધિ-શુદ્ધિપૂર્વક કરાવશે.
૪. શ્રી સંઘના ઉલ્લાસ પ્રમાણે રસપ્રદ વિવિધ પ્રવૃત્તિઓ કરાવશે.

**જો આપના સંઘમાં સાધુ - સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો જ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરીને અમને મોકલી આપો.**

**: નમ્ર સૂચન :**

આરાધના કરાવવા આવનારને ગાડી ભાડું વગેરે શ્રી સંઘે બહુમાનરૂપે આપવાનું રહેશે.

**ફોર્મ ભરીને મોકલવાનું સરનામું**

પર્યુષણ વિભાગ : સંચાલકશ્રી
શ્રીયુત લલીતભાઈ ધામી / રાજુભાઈ
C/o. તપોવન સંસ્કાર પીઠ
મુ. અમિયાપુર, પોસ્ટ : સુઘડ,
વાયા : ચાંદખેડા, જી. ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૭૬૯૦૧, ૨, ૩, ૪
ફેક્સ : ૦૭૯ - ૨૩૨૭૬૯૦૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**: સભાના હોદ્દેદારશ્રીઓ :**

| | |
|---|---|
| (૧) જસવંતરાય સી. ગાંધી | પ્રમુખ |
| (૨) દિવ્યકાંત મોહનલાલ સલોત | ઉપપ્રમુખ |
| (૩) ભાસ્કરરાય વી. વકીલ | ઉપપ્રમુખ |
| (૪) મનહરલાલ કેશવલાલ મહેતા | માનદ્‌મંત્રી |
| (૫) મનીષકુમાર આર. મહેતા | માનદ્‌મંત્રી |
| (૬) મનહરલાલ વી. ભંભા | માનદ્‌મંત્રી |
| (૭) હસમુખલાલ જયંતીલાલ શાહ | ખજાનચી |

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**: શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૩૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૧૦૦૦=૦૦
અડધુ પેઈજ રૂા. ૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૨૫૦=૦૦


* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજુ ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮



# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : જસવંતરાય સી. ગાંધી

## અનુક્રમણિકા

(૧) જૈન ધર્મનું ચૂસ્ત પાલન...
સંકલન : આર. ટી. શાહ ૨
(૨) ઘડપણમાં સુખી થવાની ચાવી !
(શાસન પ્રગતિ માસિક) ૪
(૩) ઘરકામમાં શરમ શાની ?
(હું અને મારી બા પુસ્તક) ૫
(૪) શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનું શાસનમ્
સંપાદક : મુનિશ્રી જંબૂવિજયજી મ. ૮
(૫) નમો જિણાયં - ચક્ખુદપાણં !
પં.શ્રી ગુણસુંદરવિજયજી મ. ૧૧
(૬) પં.શ્રી ભદ્રંકરવિજય મ. ના પ્રવચનો ૧૨
(૭) અહિંસાના મહાન જ્યોતિર્ધર
ભગવાનશ્રી મહાવીરસ્વામી
લેખક : ઝવેરભાઈ બી. શેઠ ૧૪
(૮) જૈન ધર્મની પ્રાચીનતા
સંકલન : હિંમતલાલ જે. મોદી ૧૭
(૯) ઉંમરને ભૂલી જાવ
(શ્રી આત્માનંદ પ્રકાશ) ૨૨
(૧૦) જ્ઞાનિ અને અજ્ઞાની
(શ્રી આત્માનંદ પ્રકાશ) ૨૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ધર્મનું ચુસ્ત પાલન એટલે જીવન જીવવાની શ્રેષ્ઠ કળા અગર સાર્થક જીવન જીવવાની અણમોલ ચાવી

તમારા મહા પુણ્યના યોગે તમોને મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે. આવો મનુષ્ય જન્મ એળે ન જાય એટલાં માટે એવું જીવન જીવી જાવ કે તમો જન્મ્યા ત્યારે તમો રડતા હતા, પરંતુ સારું જગત તમારા જન્મ નિમિત્તે હસતું હતું. હવે તમો જ્યારે મરણ પામો ત્યારે તમો હસતાં - હસતાં સમાધિ મરણ પામી જાઓ અને એ સમયે તમારા મહામુલા જીવનને સાર્થક બનાવવાનો આનંદ હોય અને તમારા કરેલા દાન-શીલ-તપ પરોપકારના સત્ કાર્યોને લોકો યાદ કરીને રડતા હોય, આ છે તમારા જીવનની સાર્થકતા.

તમો કેટલું જીવ્યા તે અગત્યનું નથી પરંતુ તમે કેવી રીતે જીવ્યા તે વધુ અગત્યનું છે. તમારા જીવનની મહેંક ગુલાબની માફક સુંગધિત બનાવી મુકતા જાવ તો જ તમારૂં જીવન યથાર્થ ગણી શકાય. દીપક જાતે બળીને બીજાને પ્રકાશ આપે છે, ધૂપસળી જાતે બળીને બીજાને સુગંધ આપે છે, સુખડ જાતે ઘસાઈને બીજાને સુગંધ આપે છે. આ રીતે તમો પણ જાતે ઘસાઈને તમારી મળેલ લક્ષ્મીનો સદ્ઉપયોગ કરીને અનુકંપા દાન દ્વારા ગરીબોની આંતરડી ઠારવાનો પ્રયત્ન કરો. તમારા જીવનમાં મળેલી લક્ષ્મીનો ધર્મ કાર્યોમાં અગર પરોપકારના કાર્યોમાં ઉપયોગ કરશો તો તમારા કરેલા સુકૃતોને લોકો યાદ કરશે, અને તમારૂં જીવન યથાર્થ ગણાશે. જૈન ધર્મ મુજબ સુકૃતની અનુમોદના અને દુષ્કૃતની ગર્હા એટલે કે નિંદા કરવા માટેનો આદેશ આપવામાં આવેલ છે.

તમારે ઉંચા પ્રકારનું જીવન જીવવા માટે જૈન ધર્મમાં બતાવેલ દિન ચર્યા મુજબ જીવન જીવી શકો તો તમારું જીવન ધન્ય બનાવવાનો આનંદ મેળવી શકશો. જૈન ધર્મ મુજબ તમોએ મહામુસીબતે મેળવેલ મનુષ્ય જન્મને યથાર્થ કરવા માટે તમારે જીવનમાં ત્યાગ કરીને કઠિન એવું સાધુ જીવન પ્રાપ્ત કરીને મોક્ષ માર્ગને પ્રાપ્ત કરવા માટે સદાય પ્રયત્ન શીલ રહેવા માટે આદેશ આપેલ છે. જૈન ધર્મના પ્રખરઆચાર્ય શ્રી રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ હંમેશા કહેતા કે "છોડવા જેવો સંસાર છે, લેવા જેવું સંયમ છે. અને મેળવવા જેવો મોક્ષ છે." આ શકય બની જાય તો તમારું જીવન ધન્ય ગણાય. પરંતુ તમારાથી આ ન બની શકે તો છેવટે જૈન ધર્મમાં બતાવેલ માર્ગાનુસારી જીવન જીવવા માટેના ૩૫ ગુણો મુજબ જીવન જીવી શકો તો પણ જીવન જીવવાનો સંતોષ મળી શકે તેમ છે.

જૈન ધર્મમમાં સૌ પ્રથમ આહાર સંજ્ઞા ઉપર કાબૂ મેળવવા માટેનો આદેશ આપેલ છે. તમારું જીવન ખાવા - પીવા માટે જ નથી. પરંતુ તમારે જીવનને નિભાવવા માટે આહાર લેવાનો રહે છે. દેહ અને આત્મા બંને ભિન્ન છે. દેહને ટકાવવા માટે આહાર લેવાનો છે. એ પણ શુદ્ધ અને શાકાહારી આહાર લઈને તમારા મનમાં પરિમાણ શુદ્ધ રહી શકે એવો જ આહાર લેવાનો છે અને એ પણ એટલી જ માત્રમાં આહાર લેવાનો છે. જેનાથી તમારા જીવનમાં યથાશકિત તપ - જપ - સ્વાધ્યાય આદિ કરીને તમારા જીવનને મોક્ષગામી બનાવવા માટે સમય કાઢી શકો. ઉણોદરિ તપને પણ જૈન ધર્મમાં ઉંચુ તપ કહેવાય છે અને આને અભ્યન્તર તપ તરીકે ઓળખાવામાં આવે છે.

જૈન ધર્મમાં નવકારસી એટલે કે સૂર્ય ઉગ્યા પછી બે ઘડી એટલે કે ૪૮ મીનીટ પછી જ તમારે તમારા મોઢામાં અન્ન - પાણી લેવાના હોય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ સૂર્ય ઉગ્યા પછી તમારૂ નાભિ કમળ ખુલે છે. ત્યારે જ તમારે તમારા પેટમાં અન્નપાણી લેવા જોઈએ. સૂર્યાસ્ત પછી તમારૂં નાભિ કમળ બંધ થઈ જાય છે. માટે ચઉવિહાર એટલે સૂર્યાસ્ત પછી અન્ન - પાણી ન લેવા માટે જૈન ધર્મના આદેશો છે. આ ઉપરાંત રાત્રિ ભોજનનો ત્યાગ પણ ઉપરના સિદ્ધાંત ઉપરાંત રાત્રે હવામાંથી સૂક્ષ્મ પ્રકારના જીવાણુંઓ તમારા પેટમાં જાય જેનાથી આરોગ્ય બગડે છે. આ ઉપરાંત સૂક્ષ્મ પ્રકારની હિંસાનો ત્યાગ કરવા માટે જ રાત્રિ ભોજનનો જૈન ધર્મમાં નિષેધ કરવામાં આવ્યો છે. રાત્રિ ભોજન કરનારને નારકીના દુઃખો ભોગવવા પડે છે. માટે રાત્રિ ભોજનનો ત્યાગ કરવા માટે ખુબ જ આગ્રહપૂર્વક આદેશ આપવામાં આવેલ છે.

જૈન ધર્મમાં ઉકાળેલ પાણી વાપરવાનો આદેશ છે. આનાથી પાણીમાં વારંવાર ઉત્પન્ન થતા અસંખ્ય જીવોની હિંસામાંથી બચી શકાય ઉપરાંત પાણીમાં રહેલ જંતુઓને કારણે અનેક રોગોમાંથી બચી શકાય છે. VIRUS INFECTION થી થતા અનેક રોગોમાંથી ઉકાળેલ પાણી પીવાથી બચી શકાય છે. આ રીતે જૈન ધર્મમાં વિજ્ઞાન પણ સમાયેલું છે.

પ્રભુ મહાવીરે આજથી ૨૫૦૦ વર્ષ પહેલા કરેલા અનેક વિધાનો આજે વૈજ્ઞાનિક દૃષ્ટિએ સિદ્ધ થતા બતાવેલ છે. આ રીતે જૈન ધર્મમાં ઉચ્ચ પ્રકારનું વિજ્ઞાન પણ સમાયેલ છે.

જૈન ધર્મમાં બાહ્યતપ તરીકે એકાસણું - આયંબિલ - ઉપવાસ આદિ તપ કરવાનું કહેવામાં આવેલ છે. એકાસણું એટલે દિવસમાં એક જ વાર એક આસને બેસીને જમી લેવાનું એટલે કે તમારી DIGESTIVE SYSTEM ને શકય હોય તે રીતે ઓછો LOAD આપીને તમારા જીવનની તંદુરસ્તી જાળવી શકો છો. આયંબિલ તપ એટલે ફકત બાફેલ ધાન્ય એક આસને એક વાર બેસીને લેવાનો આદેશ હોય છે. આ રીતે આયંબિલ તપ વર્ષો સુધી કરીને મહાન તપની આરાધના થઈ શકે છે. આમાં ઘી - તેલ - દૂધ - દહિં - શાકભાજી - મીઠા મરચા વગરના બાફેલા ધાન્યનો આહાર લેવાનો હોય છે એટલે કે આ રીતે આહાર સંજ્ઞા ઉપર કાબૂ મેળવવાનો જૈન ધર્મનો આદેશ છે. આહાર એવો ઓડકાર આ રીતે તમારામાં તામસી સ્વભાવ ન થાય એવો ખોરાક લેવાથી ક્રોધ ઉપર એટલે કે તમારા કષાયો ઉપર કાબૂ મેળવીને તમારૂ BLOOD PRESSURE CONTROL થઈ શકે છે તેમજ તેલ ઘી વગરનો ખોરાક લઈને COLESTROL ઉપર કાબૂ રહી શકે છે આ રીતે તમો HEART ATTAC માંથી બચી શકો છો.

આખા દિવસમાં માત્ર ઉકાળેલું પાણી પીને ઉપવાસ, 'ઉપ એટલે આત્મા અને વાસ એટલે નજીક' આવા આત્માની નજીક જવાનો ઉપવાસ તપ કરવાનો જૈન ધર્મમાં આદેશ છે. તમારે આખા દિવસમાં કાંઈપણ આહાર ન લેવાનો હોય ત્યારે તપ - જપ - સ્વાધ્યાય દ્વારા આત્માના ગુણોનો વિકાસ કરવા માટેની આ સુંદર તક મળી શકે છે.

જૈન ધર્મમાં રાગ - દ્વેષ - માન - માયા વિગેરેને કષાયો તરીકે ગણવામાં આવે છે. આવા પ્રકારના કષાયોમાંથી બચી જવાથી તમો તમારૂં જીવન મોક્ષગામી એટલે કે સાર્થક બનાવી શકો છો. આ ઉપરાંત જૈન ધર્મમાં બતાવેલ અર્થ, કામ આદિ વિષયોમાંથી મુક્તિ મેળવીને અસ્તેય, બ્રહ્મચર્ય આદિ પાળીને તમારૂં તંદુરસ્તી ભર્યું જીવન ટકાવી શકો છો. માંસાહાર-ઈંડા-દારૂ વગેરેના ત્યાગથી તમારૂં જીવન અહિંસક બનાવી શકો છો અને તંદુરસ્તી ભર્યુ જીવન પણ જીવી શકો છો. આ રીતે જૈન ધર્મનો ચુસ્ત રીતે પાલન કરીને જીવન જીવવાની શ્રેષ્ઠ કળા અપનાવી, તમો તમારા જીવનને સાર્થક બનાવી, મોક્ષ માર્ગના આરાધક બનો એવી અભ્યર્થના સહ.

**સંકલન : આર. ટી. શાહ - વડોદરા**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઘડપણમાં સુખી થવાની ચાવી !

'જોડાક્ષર વિચાર' અને 'સંયુક્ત વ્યંજનો' જેવાં ભાષાશાસ્ત્રને લગતાં મૂલ્યવાન પુસ્તકો આપનાર મુનિશ્રી હિતવિજયજીએ હમણાં 'સમજીને સુધારી લઈએ' શીર્ષકે ચારિત્ર નિર્માણને લગતી ૪૦ જેટલી બાબતો પર પોતાના વિચાર પ્રગટ કરતું પ્રકાશન બહાર પાડ્યું છે. તેમાં 'ઘડપણમાં સ્વભાવ ચીડિયો બને છે કે બનાવાય છે ?' જેવો એક નિબંધ પણ છે. વૃદ્ધોની સમસ્યા પાછળનાં બંને પાસાં તપાસીને 'ઘડપણમાં જીવન જીવવાની કળા' હેઠળ ૧૦ સૂત્રો સૂચવ્યાં છે, તે અત્રે ઉતારવાં જેવાં છે :

(૧) બને તેટલું પોતાનું કામ જાતે જ કરવું. બીજાની સહાય ન છૂટકે જ લેવી. કોઈ પોતાનું થોડું કામ કરે, એને પણ 'તમે મારૂં ઘણું કામ કર્યું, મને ઘણી સહાય કરી' એમ જ કહેવું. એથી એને આપણા ઉપર સદ્‌ભાવ થાય અને જરૂર પડ્યે તરત જ સહાય કરવા આવી જાય. ક્યારેક કોઈ સહાય ન કરે કે તરત કામ ન કરે, તો પણ એના પ્રત્યે મનમાં રોષ કે દુર્ભાવ ધરવો નહિ.

(૨) ખાવા-પીવા અને પહેરવા-ઓઢવાની બાબતમાં શક્ય તેટલો સંયમ રાખવો અને ત્યાગ કરવો.

(૩) મારી સેવા-ચાકરી મારા પુણ્ય પ્રમાણે બરાબર થાય છે એમ જ માનવું.

(૪) બોલવાનું જેમ બને તેમ ઓછું રાખવું. જરૂર પુરતું જ બોલવું. પોતાનો પરિવાર જે પૂછે તેનો જ જવાબ આપવો.

(૫) પારકી પંચાત કરવી નહિ. કોઈનીય નિંદા-કૂથલીમાં પડવું નહિ. કોઈને કડવા વેણ કહેવા નહિ. હંમેશા મીઠી વાણી બોલવી.

(૬) વેપાર - ધંધા અને સાંસારિક વ્યવહાર થકી સ્વેચ્છાએ નિવૃત્ત થવું. ઘર - દુકાનના કોઈ કાર્યમાં માથું મારવું નહિ. કોઈને વણમાગી સલાહ આપવી નહિ.

(૭) પોતાના અને પારકા બધા પ્રત્યે વાત્સલ્યભાવ રાખવો.

(૮) 'બધુ ચાલશે, બધુ ફાવશે, બધુ ગમશે' આ શબ્દો જીભના ટેરવે રમતા રાખી વારંવાર વાણીમાં પ્રયોજવા.

(૯) ઘરમાં અને બહાર સર્વત્ર આપણું માન-સન્માન જળવાઈ રહે અને આત્મકલ્યાણ થાય તે માટે મોટા ભાગનો સમય ધર્મની આરાધનામાં કરવો.

(૧૦) ધર્મની આરાધના ઉપરાંત સ્વ - પર શ્રેયસ્કર એવી પ્રવૃત્તિઓમાં સેવાભાવે જોડાઈને સમાજને આત્મહિતકર અનુભવ જ્ઞાનનો લાભ આપવો.

ઘડપણમાં પ્રયત્નપૂર્વક થોડોઘણો સ્વભાવ સુધારવો જ પડે. બધાં ઘરડાંઓથી સંપૂર્ણપણે સ્વભાવ સુધારવાનું અને ઉપર જણાવેલી બાબતોને સંપૂર્ણપણે અમલમાં મૂકવાનું બની શકે નહિ. આમ છતાં યથાશક્તિ સ્વભાવ સુધારવાનો અને ઉપરની બાબતોને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(શાસન પ્રગતિ માસિકમાંથી સાભાર)

*મોટો પણ પથ્થર દૂરથી સાવ નાનો દેખાય છે... નાનો પણ કાંકરો નજીકથી ખૂબ મોટો દેખાય છે. બીજાના નાના પણ ગુણને ખૂબ નજીકથી જુઓ... મોટા પણ દોષને બને ત્યાં સુધી જુઓ જ નહીં જુઓ તોય ખૂબ દૂરથી જુઓ...*

*- મુનિ રત્નસુંદરવિજય*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઘરકામમાં શરમ શાની ?

ઉનાળાની રજાઓમાં હું ઘેર આવ્યો હતો. એ વખતે અંગ્રેજી ચોથા ધોરણનો મારો અભ્યાસ ચાલતો હતો. હું ઘેર આવું એટલે મારી બાને પણ ઠીક લાગતું, કારણ કે હું એને ઘણાંખરાં ઘરકામમાં મદદરૂપ થતો.

હમણાં હમણાં બાને અવારનવાર તાવ આવી જતો. તાવને લીધે એ બહુ નબળી થઈ ગઈ હતી. પાણી ભરવામાં, કપડાં ધોવામાં, વાળવા - ઝાડવામાં હું એને મદદ કરતો. કોઈ કોઈ વાર બાને બદલે હું દળવા પણ બેસી જતો.

દળવું એ બૈરાઓનું કામ છે એમ મેં કદિ નથી માન્યું. નાનપણથી જ મને દળવાનો શોખ છે, મને દળવામાં લોકલાજ આડે નથી આવતી. હું માનું છું કે દળવાથી હું મારી બાની મોટામાં મોટી સેવા કરી શકું છું.

એક વાર હું દળતો હતો એટલામાં એક પાડોશણે આવીને મને કહ્યું 'અંગ્રેજી ભણે છે ને દળવા બેઠો છે ? તને શરમ નથી આવતી ?

દળવું - ખાંડવું એ એક જાતની મજૂરી છે - મજૂરીમાં શરમાવા જેવું શું હોય ? મેં બાને પૂછ્યું : ''અંગ્રેજી ભણતા હોય એમનાથી દળાય નહિ એમ આ લોકો કેમ કહેતા હશે ?''

''એ તો અમસ્થા તારી મશ્કરી કરે છે ! તારી ઉપર એમને પ્રેમ છે એટલે તને જાણી જોઈને ચીડવે છે. બાને મદદ કરવી એ પુણ્ય કાર્ય છે. પુણ્યકાર્યમાં શરમ શાની ? બા કે બાપુજીને મદદ કરતાં જેઓ શરમાય છે તેમને ભણેલા છતાં અભણ - જંગલી જ ગણવાં જોઈએ.'' બા જવાબમાં કહેતી.

''આમ ને આમ આ છોકરાને બાઈડી જેવા બનાવી દેશો.'' એમ જો કોઈ કહેતું તો બા એના જવાબમાં કહેતી :

''બા કે બહેનને મદદ કરવાથી બાઈડી જેવા થઈ જવાતું હોય તો પણ શરમાવા જેવું નથી. ભગવાન પોતે પણ ભક્તજનનાં નાનામાં નાનાં કામ કરી આપે છે, પણ એ વાત જવા દો. બૈરાંઓને શું ઘણીવાર પુરૂષનાં કામ કરવા નથી પડતાં ? બૈરાં પુરૂષનાં કામ કરે એટલે એ શું પુરૂષ થઈ જતાં હશે ? પુરૂષોએ પણ કવચિત બૈરાંઓનાં કામ કરવા તૈયાર રહેવું જોઈએ.''

સ્ત્રી અને પુરૂષનાં હૃદય જૂદાં જૂદાં તત્ત્વોથી ઘડાયેલાં છે. સ્ત્રીનું કામ પુરૂષ કરી આપે અથવા પુરૂષનું કામ સ્ત્રી કરી આપે તેથી એમના સ્વભાવ પલટાઈ જાય એ કેવળ વહેમ છે. પુરૂષ જ્યાં સુધી હૃદયની કોમળતા ન કેળવે, સેવા અને સહનશીલતા ન કેળવે ત્યાં સુધી એના હૃદયનો પૂરો વિકાસ ન થાય તે જ પ્રમાણે સ્ત્રી જ્યાં સુધી ધૈર્ય, દ્રઢતા, નિર્ભયતા ન કેળવે ત્યાં સુધી એનો પૂરો વિકાસ થયો ન ગણાય. સ્ત્રી - પુરૂષના સહકાર તેમજ સહચારથી દંપતીમાં એ પ્રકારની પૂર્ણતા આવવી જોઈએ. લગ્નનો પણ એજ ઉદ્દેશ છે.

લગ્ન જીવન એટલે હૃદય અને બુદ્ધિ, ભાવના અને વિચાર એ ઉભયનું મધુર સંમિશ્રણ; મધુર સહકાર ને સહચાર.

ઘરનાં નાનામોટાં કામકાજમાં મદદ કરવાથી મેં કંઈ ગુમાવ્યું હોય એમ મને કોઈ દિવસ નથી લાગ્યું. બાની સેવા કરતાં, હું માનું છુ કે, હૃદયનાં ઘણા ઉચ્ચ ભાવોની મને ઝાંખી થઈ છે - બીજી કોઈ રીતે એ ભાવોની કલ્પના સરખી પણ હું કદાચ ન કરી શક્યો હોત. પ્રીતિનું મહત્ત્વ બાની પાસેથી જેમ હું સમજ્યો તેમ કષ્ટો વેઠવાની મુંગે મોઢે સહન કરવાની અને કડવા ઘુંટડા ગળા નીચે ઉતારવાની કળા પણ બાના પ્રતાપે જ શીખ્યો.

**(હું અને મારી બા પુસ્તકમાંથી સાભાર)**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભાના સર્વાનુમતે હોદ્દેદારશ્રીઓની વરણી : પ્રમુખપદે જસવંતરાય સી. ગાંધી

તા.૨૭-૩-૦૦૫ ને રવિવારના રોજ શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની આગામી ત્રણ વર્ષ માટેના કારોબારીની ચૂંટણીમાં સંસ્થાના પ્રમુખ તરીકે શ્રી જસવંતરાય સી.ગાંધીની બીનહરીફ વરણી કરવામાં આવેલ. ઉપ-પ્રમુખ તરીકે શ્રી દિવ્યકાંતભાઈ એમ. સલોત તથા શ્રી ભાસ્કરરાય વી. વકીલની બીનહરીફ તરીકે વરણી કરવામાં આવેલ. સંસ્થાના માનદ્ મંત્રી તરીકે સર્વશ્રી મનહરલાલ કે. મહેતા, શ્રી મનીષકુમાર આર. મહેતા, શ્રી મનહરલાલ વી. ભંભા તથા ખજાનચી તરીકે શ્રી હસમુખલાલ જે. શાહની બીનહરીફ વરણી કરવામાં આવેલ.

તત્કાલીન નિવૃત્ત પ્રમુખશ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહની બોર્ડના સલાહકાર તરીકે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ.

કારોબારીના સભ્યો તરીકે સર્વશ્રી પ્રવિણભાઈ જે. સંઘવી, શ્રી ભૂપતરાય એન. શાહ, શ્રી નટવરલાલ પી. શાહ, શ્રી નિરંજનભાઈ પી. સંઘવી, શ્રી નવીનભાઈ એન. કામદાર, શ્રી હર્ષદરાય એ. સલોત, શ્રી વિરેન્દ્રભાઈ વી. સંઘવી, શ્રી ચીમનલાલ એમ. શાહ, શ્રી કીર્તિકુમાર ડી. શાહ, શ્રી નરેન્દ્રભાઈ પી. પારેખ તથા હર્ષદરાય કે. શાહ બીનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતાં.






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પુસ્તકો ભેટ મોકલી અપાશે...

પૂ. પ્ર. મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ.સા. સંશોધિત તથા પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. સંશોધિત તથા સંપાદિત 'સમવાયાંગ સૂત્ર' નવાંગી ટીકાકાર પૂ. આ. ભ. શ્રી અભયદેવસૂરિજી મહારાજ વિરચિત ટીકા સહિત શ્રી સિદ્ધિભુવન મનોહર જૈન ટ્રસ્ટ તથા શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર તરફથી તુરત જ પ્રકાશિત થનાર છે. તેમ જ ચિંતન હૈમ સંસ્કૃત રૂપકોશ તથા ચિંતન હૈમ સંસ્કૃત ધાતુરૂપ કોશ (લેખક- સંપાદક - પ્રકાશક : શ્રી હરેશભાઈ લવજીભાઈ કબુડિયા) ઉપરોક્ત ત્રણ પુસ્તકો પૂ. સાધુ ભગવંતો તથા શ્રી જૈન જ્ઞાનભંડારોને ભેટ આપવાના છે. તો પોસ્ટેજ - કુરિયર પેકીંગ ખર્ચના રૂા. ૫૦/- (પચાસ) એડવાન્સ (પહેલેથી) શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧. ઉપર મોકલી આપનારને આ પુસ્તકો ભેટ તરીકે મોકલી અપાશે.

## શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનું શાસનમ્

પૂજ્યપાદ - ગુરૂદેવ - મુનિરાજશ્રી ભુવન વિજયાન્તેવાસી પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. સંપાદિત 'શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનું શાસનમ્' જેની કિંમત રૂા. ૩૫૦/- છે. જે નીચે મુજબ ભાવનગરના સરનામેથી મળશે.

: પ્રકાશક :

**શ્રી સિદ્ધ ભુવન - મનોહર જૈન ટ્રસ્ટ - અમદાવાદ**

**તથા**

**શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.**

## બદલો બૂરા - ભલાનો જરૂર મળે છે

સ્વભાવિક મોત પામેલા પ્રાણીઓ ગાય - ભેંસ આદિના ચામડાના ઉપયોગની વાત અલગ છે, પણ ચામડું મેળવવા આ પ્રાણીઓનો ઉછેર કરવો એની કતલ કરવી એ માનવીનું ક્રૂરતાયુક્ત જ કર્મ ગણાય. એ માનવે સસલાની ચામડીની મુલાયમ રૂંવાટી મેળવવાના ગાંડપણમાં સસલાની ખેતી - રેબિટ ફાર્મિંગ શરૂ કરી. હજારો નિર્દોષ સસલાને ઉત્પન્ન કરી - મોટા કરી માસ નાખવાના કામ કર્યા. જેવું કાર્ય તેવું જ પ્રતિકાર્ય (એકશન એન્ડ રિએકશન આર ઈકવલ એન્ડ ઓપોઝિટ), બદલો બૂરા - ભલાનો જરૂરથી મળે છે વગેરે જો માનવ સમજે તો ક્રૂરતા અટકે. સૌને સન્મતિ મળે એજ શુભેચ્છા...

- પં. ગુણસુંદરવિજયજી ગણી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પૂ. આગમપ્રજ્ઞ મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. દ્વારા સંપાદિત

# શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનું શાસનમ્

અનંત ઉપકારી પરમકૃપાળુ અરિહંત પરમાત્મા તથા પરમ ઉપકારી પૂજ્યપાદ સદ્ગુરૂદેવશ્રી ભુવનવિજયજી મહારાજની અનંતકૃપાથી, તાડપત્ર ઉપર લખેલી જુદી જુદી લગભગ ૨૪ પ્રતિઓને આધારે સંપાદિત થયેલા, પરમ વિદ્વાન આચાર્ય ભગવાન શ્રી દેવચંદ્ર સૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય રત્ન, કલિકાલ સર્વજ્ઞ, આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજે રચેલા સ્વોપજ્ઞ લઘુવૃત્તિ ભૂષિત શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનું શાસનને પ્રકાશિત કરતાં અત્યંત આનંદનો અનુભવ થાય છે.

સિદ્ધહેમના આઠ અધ્યાયો છે. પ્રત્યેક અધ્યાયમાં ચાર પાદ છે. દરેક પાદમાં ન્યૂનાધિક સૂત્રો છે. તે નીચેના કોષ્ટકથી જણાશે.

| | પાદ -૧ | પાદ -૨ | પાદ -૩ | પાદ -૪ | કુલ સુત્ર સંખ્યા |
|---|---|---|---|---|---|
| પ્રથમ અધ્યાય | ૪૨ | ૪૧ | ૬૫ | ૯૩ | ૨૪૧ |
| દ્વિતીય અધ્યાય | ૧૧૮ | ૧૨૪ | ૧૦૫ | ૧૧૩ | ૪૬૦ |
| તૃતીય અધ્યાય | ૧૬૩ | ૧૫૬ | ૧૦૮ | ૯૪ | ૫૨૧ |
| ચતુર્થ અધ્યાય | ૧૨૧ | ૧૨૩ | ૧૧૫ | ૧૨૨ | ૪૮૧ |
| પંચમ અધ્યાય | ૧૭૪ | ૯૩ | ૧૪૧ | ૯૦ | ૪૯૮ |
| ષષ્ઠ અધ્યાય | ૧૪૩ | ૧૪૫ | ૨૧૯ | ૧૮૫ | ૬૯૨ |
| સપ્તમ અધ્યાય | ૧૯૭ | ૧૭૨ | ૧૮૨ | ૧૨૨ | ૬૭૩ |
| અષ્ટમ અધ્યાય | ૨૭૧ | ૨૧૮ | ૧૮૨ | ૪૪૮ | ૧૧૧૯ |

એકંદરે સૂત્ર સંખ્યા ૪૬૮૫ છે. તેમાં સાત અધ્યાયમાં સંસ્કૃત ભાષાનું વ્યાકરણ છે અને આઠમાં અધ્યાયમાં પ્રાકૃત - શૌરસેની - માગધી - પૈશાચી - ચૂલિકા પૈશાચી અપભ્રંશ એમ છ ભાષાઓનું વ્યાકરણ છે, કે જે પ્રાકૃત વ્યાકરણના નામથી સુપ્રસિદ્ધ છે. એટલે સંસ્કૃત વ્યાકરણના ૩૫૬૬ સૂત્રો છે. બાકીના ૧૧૯ પ્રાકૃત વ્યાકરણના સૂત્રો છે.

આ વ્યાકરણનાં પ્રકરણો વિષય રચનાનો ક્રમ આ મુજબ છે:

| | | | |
|---|---|---|---|
| ૧. | સંજ્ઞા પ્રકરણ | અધ્યાય - ૧ | પાદ - ૧ |
| ૨. | સ્વરસંધિ પ્રકરણ | અધ્યાય - ૧ | પાદ - ૨ |
| ૩. | વ્યંજન સંધિ પ્રકરણ | અધ્યાય - ૧ | પાદ - ૩ |
| ૪. | નામ પ્રકરણ | અધ્યાય - ૧ | પાદ - ૪ |
| | | અધ્યાય - ૨ | પાદ - ૧ |
| ૫. | કારક પ્રકરણ | અધ્યાય - ૨ | પાદ - ૨ |
| ૬. | ષત્વણત્વ પ્રકરણ | અધ્યાય - ૨ | પાદ - ૩ |
| ૭. | સ્ત્રીપ્રત્યય પ્રકરણ | અધ્યાય - ૨ | પાદ - ૪ |
| ૮. | સમાસ પ્રકરણ | અધ્યાય - ૩ | પાદ ૧ - ૨ |

આગમપજ્ઞ પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ આદિઠાણાનું વિ.સં. ૨૦૬૧ નું ચાતુર્માસ ખંભાત (જિ.ખેડા) મુકામે નક્કી થયેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૯. | આખ્યાત પ્રકરણ | અધ્યાય - ૩ | પાદ ૩ - ૪ |
| | | અધ્યાય - ૪ | પાદ ૧ - ૪ |
| ૧૦. | કૃદન્ત પ્રકરણ | અધ્યાય - ૫ | પાદ ૧ - ૪ |
| ૧૧. | તદ્ધિત પ્રકરણ | અધ્યાય - ૬ | પાદ ૧ થી ૪ |
| | | અધ્યાય - ૭ | પાદ ૧ થી ૪ |
| ૧૨. | પ્રાકૃત વ્યાકરણ | અધ્યાય - ૮ | પાદ ૧ થી ૪ |

પ્રાકૃત વ્યાકરણ ઉપર એક જ સ્વોપજ્ઞવૃત્તિ મળે છે, પરંતુ સંસ્કૃત વ્યાકરણ ઉપર આચાર્યશ્રીએ પોતે જ વિસ્તારથી વૃત્તિ રચેલી છે અને તેમણે જ રચેલી લઘુવૃત્તિની અપેક્ષાએ આ વૃત્તિ મોટી હોવાથી તે બૃહવૃત્તિના નામથી પ્રસિદ્ધ છે.

આ ઉપરાંત આચાર્યશ્રીએ ત્રણ વૃત્તિઓ સંસ્કૃત વ્યાકરણ ઉપર રચેલી છે એમ સમજાય છે. એક તો લઘુવૃત્તિના નામથી સુપ્રસિદ્ધ છે કે જેના પઠન - પાઠનનો અત્યંત પ્રચાર છે. આજે આ ગ્રંથમાં આ વૃત્તિ જ પ્રકાશિત થઈ રહી છે. છ હજારી તરીકે પણ લોકોમાં આનો વ્યવહાર કરાય છે.

આ ગ્રંથનું સંશોધન અને સંપાદન કાર્ય પૂજ્યપાદ આચાર્યશ્રીમદ્ વિજયસિદ્ધસૂરીશ્વરજી પટ્ટાલંકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયમેઘસૂરીશ્વરજી શિષ્યરત્ન પૂજ્યપાદ ગુરૂદેવ મુનિરાજશ્રી ભુવન વિજયાન્તેવાસી મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે પરમકૃપાળુ દેવાધિદેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન તથા તેમના પૂ. પિતાશ્રી સદ્ગુરૂદેવ, પૂજ્યપાદ પ્રાતઃ સ્મરણિય મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજના ચરણ કમળમાં અનંતશઃ પ્રણિપાત કરીને તે કુંભણ મંડન શ્રી શાંતિનાથ ભગવાનના કરકમળમાં આ ગ્રંથરૂપી પુષ્પ દ્વારા આ પુસ્તકનું સંશોધન અને સંપાદન કાર્યપૂર્ણ કરવામાં આવેલ છે.


**શ્રી ભાવનગર નાગરિક સહકારી બેન્ક લિ.**

**૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર. ફોન :- ૨૫૧૩૭૦૨ - ૨૫૧૩૭૦૩**

**-: શાખાઓ :-**

ડોન-કૃષ્ણનગર, વડવા-પાનવાડી, રૂપાણી-સરદારનગર, ભાવનગરપરા, રામમંત્રમંદિર, ઘોઘારોડ, શિશુવિહાર

**તા. ૧-૧૨-૨૦૦૪ થી અમલમાં આવતાં ડીપોઝીટ તથા ધિરાણનાં વ્યાજના દરો**

| ડીપોઝીટ | વ્યાજના દર |
|---|---|
| ૩૦ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૫.૦% |
| ૯૧ દિવસ થી ૧૮૦ દિવસ સુધી | ૫.૫% |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૬.૦% |
| ૧ વર્ષથી ૩ વર્ષની અંદર | ૭.૫% |
| ૩ વર્ષ કે તે ઉપરાંત | ૮.૦% |
| સેવિંગ્ઝ ખાતા પર વ્યાજ | ૩.૫% |

**સિનિયર સીટીઝનને એક ટકો વધુ વ્યાજ મળશે.**
**નિયમિત હપ્તા ભરનાર સભાસદને ભરેલ વ્યાજના ૬% વ્યાજ રીબેટ આપવામાં આવે છે.**

| ધિરાણ | વ્યાજના દર |
|---|---|
| રૂ. ૫૦૦૦૦/- સુધી | ૧૧.૦% |
| રૂ. ૫૦૦૦૧/- થી રૂ. ૨ લાખ સુધી | ૧૨.૦% |
| રૂ. ૨૦૦૦૦૧ થી રૂ. ૨૦ લાખ સુધી | ૧૩.૦% |
| N.S.C./K.V.Pસામે રૂ. ૧ લાખ સુધી | ૧૧.૦% |
| હાઉસીંગ લોન રૂ. ૮ લાખ સુધી ૭૨ હપ્તા થી | ૯.૫% |
| ૭૨ હપ્તાથી વધુ | ૧૦.૫% |
| મકાન રીપેરીંગ રૂ. ૭૫૦૦૦/- સુધી | ૧૧.૦% |
| સોનાધિરાણ : રૂ. ૧ લાખ સુધી | ૧૨.૦% |

- રૂ. ૧ લાખ સુધીની ડીપોઝીટ વીમાથી આરક્ષિત
- છેલ્લા ૩૫ વર્ષથી ઓડીટ વર્ગ 'અ'
- બેન્કની વડવા શાખામાં વહેલા તે પહેલાનાં ધોરણે પસંદગીનાં લોકર ભાડે આપવામાં આવે છે.

| **નિરંજનભાઈ ડી. દવે** | **વેણીલાલ મગનલાલ પારેખ** | **બળવંતભાઈ પી. ભટ્ટ** |
|---|---|---|
| ચેરમેનશ્રી | મેનેજીંગ ડિરેક્ટરશ્રી | જનરલ મેનેજરશ્રી |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પૂ. આગમપ્રજ્ઞ મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. દ્વારા સંશોધિતઃ સંપાદીત**

# શ્રી સમવાયાંગ સૂત્રમ

આજથી ૩૭ વર્ષ અગાઉ શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આપણા આચાર્ય ભગવંતો, ધર્મગુરૂઓ તથા વિદ્વાન શ્રાવકોની ધર્મપિપાસા સંતોષાય તેમજ ધર્મજ્ઞાનના ઊંડાણનો અભ્યાસ શકય બને તે માટે જૈન ધર્મના આગમ સૂત્રોનું પ્રકાશન શરૂ કર્યું હતુ. જૈન ધર્મના ૨૪ માં તીર્થંકર ભગવાનશ્રી મહાવીર સ્વામીના ઉપદેશોનો સંગ્રહ એટલે આગમસૂત્રો. આપણા આગમ સૂત્રોનો તલસ્પર્શી અભ્યાસ જૈન ધર્મનું શુદ્ધ સ્વરૂપ બતાવે છે અને તેનું આચરણ મોક્ષમાર્ગનું પ્રેરક બને છે.

આગમ ગ્રંથમાળાના માર્ગદર્શક પૂજ્યશ્રી પુણ્યવિજયજી મ.સા. કાળધર્મ પામતા આગમ - પ્રકાશનની પ્રવૃત્તિમાં ઓટ આવશે, શુન્યાવકાશ સર્જાશે એવી અમોને દહેશત હતી, પરંતુ સમગ્ર ભારતીય દર્શનોના તથા જૈન આગમ ગ્રંથમાળાના મર્મરૂપ વિદ્વદ્વર્ય પૂજ્યપાદ મુનિરાજ શ્રી જંબૂવિજયજી મ. સા. એ બાકી રહેલા કાર્યોને આગળ ધપાવવાની અમારી વિનંતી સ્વીકારી એ અમારા અહોભાગ્ય છે.

આગમ ગ્રંથ સટીક સમવાયાંગ સૂત્રનું પ્રકાશન પૂ. આચાર્ય ભગવંતોને તથા તેમના શિષ્યવૃંદને જૈન ધર્મના શ્રદ્ધાવાન શ્રાવકોને તેમજ જૈન ધર્મના સંશોધનમાં રસ ધરાવનાર અભ્યાસીઓને જૈન ધર્મના ઉંડા અભ્યાસ માટે ઉપયોગી થઈ પડશે. આ પુસ્તકના પ્રકાશન માટે અનહદ જહેમત ઉઠાવવા બદલ અમો આગમ વિશારદ પ્રાતઃ સ્મરણીય પૂજ્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મ.સા. ના ઋણી છીએ. સદરહું પુસ્તક શ્રી જૈન આત્માનંદ સભા પાસેથી મળી શકશે.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર.

# હૃદયહીન માનવી !

સવારના પહોરમાં એક સ્મશાનયાત્રા નીકળી. તે સમયે એક યુવાન કોઈ કામ માટે બહાર નીકળ્યો હતો. તેણે એક ભાઈને પૂછ્યુ, ''અરે ! આ કોણ ગુજરી ગયું ?'' પેલા ભાઈ કહે, ''તારા મકાન માલિક !'' ''અરે ! એ તો સાજા - સારા હતા, એમને અચાનક શું થઈ ગયું ?'' ''હાર્ટફેઈલ !'' યુવાન કહે, ''મારા ઘરમાં મારી વિધવા માતા, બે બહેનો અને બે નાના ભાઈઓ છે. હું એકલો કમાઉ છું. એમાં છ વ્યક્તિનું ગુજરાન ચાલે છે. વચ્ચે હું ટાઈફોઈડની બીમારીમાં પટકાયો ત્યારે બે મહિના નોકરી પર ન જઈ શકયો, પણ અમારા આ મકાન માલિક દર મહિનાની પહેલી તારીખે ભાડું લેવા આવી જ જાય. એક વાર કહે, તારી માની ઘસાયેલી બંગડી વેચીને પણ મને ભાડું આપ ! અમારી પરિસ્થિતિને વિચારવા જેટલી દયા, કરૂણા એમના હૃદયમાં હતી નહીં, અરે ! તેમને વળી હાર્ટ-ફેઈલ કયાંથી થયું ? હૃદય જ ન હોય તો હૃદય બંધ કેમ પડે ?''

**(જીવન સૌરભ પુસ્તિકામાંથી)**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નમો જિણાણં - ચકખુદપાણં ।

એ સૌભાગ્યવંતીબેનનું નામ બીનાબેન હરેશભાઈ ઠાર, મૂળ - ભાવનગરના અને હાલ પતિના ધંધા અંગે વાપી (વલસાડ)માં રહેતા એમના ચાર વર્ષના પુત્ર વીરલને આંખમાં તકલીફ થઈ. તજજ્ઞ ડોકટરને બતાવતાં એમણે કહ્યું, ''આંખમાં એકા એક રેટીનાની તકલીફ ઊભી થઈ છે, એની આંખની દ્રષ્ટિ લગભગ ૮૫ ટકા જતી રહી છે, એની હમણાં કાંઈ સારવાર થઈ શકે તેમ નથી, એની ઉંમર સોળ વર્ષની થશે પછીથી દવા - ઉપચાર આદિથી ધીરે ધીરે સારૂં થશે'' દ્રવ્ય ડોકટરના વચનો સાંભળી કુટુંબીજનો વ્યથિત બન્યા પણ બીનાબેન સમજુ હતા. ''મારા અરિહંતદેવ કલ્પવૃક્ષ કામધેનુ - કામકુંભ - કામલતા - અચિંત્ય ચિંતામણી છે, ભાવ રોગો કાઢી આપનારા એ તારક દ્રવ્યરોગો પણ શા માટે ન કાઢે? આવા દેવને આગળ કરવાથી પ્રાધાન્ય આપવાથી બધે જ સફળતા મળે છે. ચક્ષુદાતા ભાવચક્ષુદાતા શ્રી જિનેશ્વરદેવ છે તો મારે એમની જ સેવા શા માટે ન વધારવી?'' આવું વિચારી પાંચ પ્રતિક્રમણ જીવ વિચાર - નવતત્ત્વ વગેરે સાર્થ જાણનારા એ બેને જ્યાં શકય બન્યું ત્યાં અંજનશલાકા વગેરે પ્રસંગો પર જિનવરપ્રતિમાજીઓને ચક્ષુપ્રદાન કરવાની શુભ કાર્યવાહી કરી. ચક્ષુદાતા ભગવંત ભાવચક્ષુ તો આપે જ દ્રવ્યચક્ષુ પણ એ જ આપે એવી શ્રદ્ધાવાળા એ બેનની શ્રદ્ધા સફળતાને પામી. એમના પુત્રની આંખો જે ૮૫ ટકા દ્રષ્ટિ ગુમાવી મૂકી હતી એ મટી હવે એ આંખો ૬૦/૭૦ ટકા કામ કરનારી બની ગઈ છે. ડોકટરોને પૂનઃ બતાવતા એ કહે, 'આશ્ચર્ય બન્યું છે, હવે આ બાળકની દ્રષ્ટિમાં ક્રમશઃ સુધારો થશે'' દાદરના એક ઈંગ્લેન્ડમાં પરણાવેલા બેનના બાબા માટે પણ પૂર્વે આવું જ બનેલું. રક્ષણ કરાયેલો ધર્મ રક્ષણ આપે છે જ.

- પૂ. આ. દેવ શ્રીમદ્દ વિજય ભુવનભાનુસૂરિજી
મ. ના શિષ્ય
પ. ગુણસુંદરવિજયજી ગણી
(સત્ય પ્રસંગ સં. ૨૦૬૦)

## આનું નામ ખુમારી

આ વોતો જોધપુર (મારવાડ - રાજસ્થાન)ની છે. ઈ. સ. ૧૯૨૭ - ૨૮ માં અહીં ભયંકર દુષ્કાળ પડયો. પશુ - પક્ષીઓ, માણસો અનાજ વગર, પાણી વગર પીડાવા લાગ્યા - મરવા લાગ્યા. અત્રેના મહારાજ ઉમેદસિંહજી એમની ઉદારતાએ - પરોપકારિતાએ અનુકંપાના ભાવે રાજ્યના ભંડારો ખુલ્લા મૂકાવી દીધા, પણ ખુમારીમાન લોકો ખાન - પાનની ચીજ દયા - દાનમાં લેવા તૈયાર ન થયા. એમને આવી મજબૂરી કરતાં મોત વધુ વહાલું લાગ્યુ. રાજા - પ્રજા બન્નેને લાભદાયી એક સદ્દબુદ્ધિ યુકત નિર્ણય લેવાયો. લોકોને મજૂરી મળે એ માટે રાજાએ અત્રેના છીતર સરોવરના કિનારે મહેલ બનાવવાનું નક્કી કર્યુ. રાજસ્થાની સ્વમાન - ગૌરવમાંથી એક લાલ પત્થરોનો સુંદર મહેલ બની ગયો. પરોપકારી રાજાના નામ પરથી એનું નામ રખાયું ઉમેદભવન. લોકો એને છીતર પેલેસ તરીકે ઓળખતા થયા.

- પં.ગુણસુંદરવિજયજી ગણી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ. સા. ના પ્રવચનો

**(સં. ૨૦૧૮ પો. સુદ ૮, શનિવાર, સ્થળ : પોળની શેરી -પાટણ)**

### વ્યાખ્યાન : ૬

**मंगलं भगवान् वीरो, मंगलं गौत्तमप्रभु ।**
**मंगलं स्थूलिभद्राद्या, जैनधर्मोडस्तु मंगलं ॥**

અરિહંતાદિ ચાર સર્વથી શ્રેષ્ઠ અને સર્વને રક્ષણ ભૂત છે. સૂર્ય - ચંદ્રની જેમ સર્વને સાધારણ છે. આધ્યાત્મિક દૂનિયામાં આ ચાર સર્વને ઉપકારી છે. જે એનું આલંબન લે તેને અવશ્ય તારે છે. એમનામાં એવું સામર્થ્ય - શક્તિ છે.

તમામ જીવોના સર્વ કર્મ - દુઃખ અને પાપને ક્ષય કરવાની તાકાત શુકલધ્યાનની શ્રેણિમાં ચઢનાર એક આત્મામાં રહેલી છે. આટલી બધી શક્તિ ધર્મની છે. ધર્મમાં સૌનું ભલું કરવાની તાકાત છે. માત્ર તેનું આલંબન લેવું જોઈએ. તેની શક્તિ સ્વીકારવી જોઈએ.

પરમાત્મા અને આપણો આત્મા દ્રવ્યથી સમાન છે. આત્મત્વેન સર્વ આત્મા સમાન છે. ચૈતન્યથી બધા જીવો સમાન છે. માત્ર પર્યાયથી ભેદ છે. દ્રવ્યથી ભેદ નથી. આત્મત્વથી આપણે બીજાથી જુદા પાડી શકીએ નહિ.

અત્યારે આપણે મનુષ્યના પર્યાયમાં છીએ. મનુષ્યની ઈચ્છા પુરી ન થાય ત્યારે તે રડે છે. પુરી થાય ત્યારે તે હસે છે. બાળકને પણ ખાવું અને રમવું આ બે વસ્તુ ગમે છે. એ ન મળે ત્યારે તે રડે છે. ઈચ્છાને પલટવા માટે ધર્મના સાધનો છે. માત્ર જ્ઞાન માટે જ ધર્મના સાધન છે એવું નથી. અપ્રશસ્ત ઈચ્છાઓ દૂર કરીને તેની સામે પ્રશસ્ત ઈચ્છાઓ ગોઠવવાની, એનું નામ જ ધર્માનુષ્ઠાન છે.

આપણને મોક્ષ કેમ મળ્યો નથી ? મોક્ષની ઈચ્છા આપણને તીવ્ર થઈ નથી. તીવ્ર ઈચ્છા થાય તો મોક્ષ મળ્યા વિના રહે નહિ. કેટલાક મહાનુભાવોને જન્મથી જ મોક્ષની - ધર્મની ઈચ્છા થાય છે. જેમ વજસ્વામીને જન્મના પ્રથમ જ દિવસે ધર્મની ઈચ્છા થઈ. જંબૂકુમારને સોળ વરસની ભરયુવાવસ્થામાં ધર્મની ઈચ્છા થઈ. વર્તમાનમાં પણ કેટલાકને બચપણથી જ ધર્મની ઈચ્છા થાય છે. આ રૂચિ જન્માંતરના સંસ્કારનું પરિણામ છે. બચપણમાં જ ધર્મની રૂચિ થાય તેનું જીવન કેટલું પવિત્ર અને ઉન્નત બને. પૂર્વ ભવમાં જીવદયા જેણે પાળી છે તે દીર્ઘાયુષી અને ધર્મની રૂચિવાળો થાય છે.

અપ્રશસ્ત ઈચ્છા એ આત્માનો રોગ છે. જેટલી અયોગ્ય ઈચ્છા એટલા રોગ સમજવા. મન બગડે ત્યારે અપ્રશસ્ત વિચારો આવે છે. અને વિચાર બગડે એની અસર શરીર ઉપર પણ થાય છે. નવકાર ગણવામાં આનંદ કેમ આવતો નથી? અને પૈસા ગણવામાં કેમ આનંદ આવે છે? મન બગડયું છે તેથી, ગામમાં કરોડપતિ કે લખપતિ કેટલા? એ જાણવાનું મન થાય છે, પણ ગામમાં કરોડ કે લાખ નવકાર ગણનારા કેટલા? એ જાણવાનું મન થતું નથી. જેની પાસે નવકારરૂપી ધન છે તે જ ખરો ધનવાન છે. કરોડપતિ અને લાખોપતિ એ સાચાં ધનવાન નથી. ઉલ્ટુ અનેક પ્રકારની ઉપાધિથી ભરેલા છે.

મનમાં રોગ હોય ત્યારે રૂપિયા ગણવાનું મન થાય. અને મન નિરોગી હોય ત્યારે નવકાર ગણવાનું મન થાય. મન એ બાળક છે. બાળક ચંચળ અને અજ્ઞાન છે. તેથી બાળકને રખડવાનું મન થાય છે. એમ મનને પણ રખડવાનું મન થાય છે. આપણું મન સતત અસ્થિર છે. તેથી આપણે પણ અસ્થિર બનીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનની પ્રતિમામાં બે વસ્તુ દેખાય છે. એક સ્થિર આસન અને બીજી પ્રસન્ન મુખમુદ્રા. ભગવાનનું આસન એમ બતાવે છે કે ભગવાનનું મન સ્થિર છે અને ભગવાનની પ્રસન્ન મુખમુદ્રા એમ બતાવે છે કે ભગવાનનું મન સ્વચ્છ છે. ભગવાનનું મન સ્વચ્છ - શાન્ત અને પ્રસન્ન છે. ભગવાન જેવું સ્થિરાસન રાખતાં શીખીએ તો આપણો આત્મા પણ કેવળજ્ઞાન મેળવી શકે છે. કેવળજ્ઞાન પહેલાં આસનમાં સ્થિર રહેવું પડે.

મુખમુદ્રાની ઉદાસીનતા એ ચિત્તનો દોષ છે. દોષ મનમાં છે. પદાર્થમાં નથી. અજ્ઞાનીને સંસારમાં એકલો શોક છે. જ્ઞાનીને સંસારમાં એકલો આનંદ જ છે. સંસારમાં શોક કરવા જેવું કાંઈ જ નહિં. કારણ કે સંસારમાં કાંઈ ઓછું થતું નથી. કારણ કે દ્રવ્યથી સર્વ પદાર્થો નિત્ય છે. અને પર્યાયથી અનિત્ય છે. એમ જ્ઞાની ભગવંતો જાણે છે. જેમ કે, રાજાને સોનું જોઈએ છે. કુંવરને મુકુટ અને કુંવરીને હાર એટલે સોનું - મુકુટ અને હાર એ ત્રણ વસ્તુ છે. પણ ત્રણેયને જુદા ભાવ ઉત્પન્ન કરે છે. વસ્તુ એકની એક પણ એકને રાજી કરે છે. એકને નારાજ કરે છે.

જગતના તમામ પદાર્થો ત્રણ સ્વરૂપવાળા છે, એટલું જેના ખ્યાલમાં છે તેમને સંસારમાં ક્યાંય શોક થતા નથી. ભગવાને ત્રિપદીમાં એ જ શિખવાડ્યું હતું તેથી ગૌતમનો શોક ટળી ગયો.

આપણે હજી નાના કુંવર - કુંવરી જેવા છીએ. પણ રાજા બન્યા નથી. તેથી સંસારના પદાર્થોમાં આપણને હર્ષ - શોક થયા કરે છે. આપણે રાજાની જેમ પદાર્થના મૂળ સ્વરૂપને જોનારા બનવું જોઈએ. જો એમ બને તો આપણું મન પણ પ્રસન્ન બની જાય. ભગવાન જેવું બની જાય.

જ્ઞાની જીવ ભૂલ થાય ત્યાં પ્રતિક્રમણ કરે છે. અને અજ્ઞાની જીવ બીજા ઉપર આક્રમણ કરે છે. આક્રમણ વૃત્તિમાંથી છૂટવાનો ઉપાય પ્રતિક્રિમણની ક્રિયા છે. અજ્ઞાની બીજાની ભૂલ જોઈને પણ આક્રમણ કરે છે. તેને પ્રતિક્રમણની ક્રિયા વખતે પણ ભાવ તો આક્રમણનો જ હોય છે. જ્ઞાનીઓ બધાનું રક્ષણ કરે છે. બીજાના હિતની ચિંતા કરે છે. તેથી જ એમનું મન પ્રસન્ન રહે છે. એ રીતે સદ્‌ગૃહસ્થ પણ જ્ઞાની બની શકે છે.

સાચાં સદ્‌ગૃહસ્થો બીજા પાત્ર અને યોગ્યની ભક્તિમાં આનંદ માને છે. માત્ર પોતાની જ સગવડ અને સુખમાં આનંદ માને તે સદ્‌ગૃહસ્થોનું લક્ષણ નથી.

(ક્રમશઃ)

---

'મને મળે' એટલી જ જો માણસની ઈચ્છા હોત તો તો બહુ વાંધો નહોતો પણ 'મને મળે, બીજાને ન જ મળે' આવી ઈચ્છાયુ એના મનમાં બેઠી છે અને એટલે જ ઘણું મળવા છતાંય એ દુઃખી જ રહે છે.

- મુની રત્નસુંદરવિજય


**મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ**

**દરેક જાતના ઉચ્ચ કવોલીટીના**
**અનાજ**
**તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

**રોહિતભાઈ** ઘર : ૨૨૦૧૪૭૦
**સુનીલભાઈ** ઘર : ૨૨૦૦૪૨૬
**પરેશભાઈ** ઘર : ૨૫૧૬૬૩૯




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અહિંસાના મહાન જ્યોતિર્ધર ભગવાનશ્રી મહાવીરસ્વામી

લેખક : ઝવેરભાઈ બી. શેઠ (બી.એ.)

ચૈત્ર શુકલ તેરશ એટલે ભગવાન મહાવીરની જન્મ જયંતિ. અહિંસાના મહાન જ્યોતિર્ધર તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીના જીવનના અદ્દ્ભૂત અને પરાક્રમના અનેકવિધ પ્રસંગો આપણે અનેકવાર સાંભળ્યા છે એટલે આજે તેનું પુનરાવર્તન ન કરતા તેમના જીવનના સર્વશ્રેષ્ઠ સિદ્ધાંત અહિંસાની છણાવટ કરવી વધુ ઉચિત લેખાશે.

વિશ્વમાં આજે જ્યારે હિંસાનું પ્રમાણ દિનપ્રતિ દિન વધતું જાય છે અને લોકોનું માનસ ભૌતિક સુખો પ્રાપ્ત કરવા ખાતર ગમે તેવું પાપકર્મ - અસત્ય - અનૈતિક કરવા - આચરવા પ્રેરાતું જાય છે ત્યારે અહિંસાની જગતને સૌથી વિશેષ જરૂર છે.

ભગવાન મહાવીરની અહિંસા બહાદુરની - વીરની અહિંસા છે. જેણે જેણે ભગવાન મહાવીરને ત્રાસ આપ્યો તેને તેને ચપટીમાં ચોળી નાખે તેટલી તાકાત ભગવાન મહાવીર ધરાવતા હતા એ છતાં તેમણે દરેકને ક્ષમા આપી છે.

ભગવાન મહાવીરનો જીવમાત્રને સંદેશો છે કે હિંસા એ જ દુઃખનું ખરૂં કારણ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ કીટાણુંઓથી માંડીને માનવી સુધીના સઘળાં જીવોને જીવવું ગમે છે. '(LIVE AND LET LIVE) જીવો અને જીવવા દો' નો સિદ્ધાંત તો આજે પણ સૌ સ્વીકારે છે. પરંતુ તદ્દનુસાર વર્તન નથી એ મહા દુઃખનું કારણ છે.

જેમ આપણને દુઃખ, યાતના, શોક અને પ્રતિકુળતા ગમતા નથી તેમ દરેક જીવને ગમતા નથી આપણને કોઈ માણસ કે પ્રાણી દુઃખ આપે, અડચણ ઉભી કરે, આપણને બંધનમાં રાખે તો આપણને કેટલું દુઃખ થાય છે ? એવું જ દુઃખ, જો આપણે કોઈ જીવને કટુ વચનો કહીએ, શારીરિક ઈજા પહોંચાડીએ કે યાતના પહોંચાડીએ તો થાય છે. અરે ! ખરાબ વિચારો કરીને, નિંદા કરીને પણ આપણે બીજાને દુઃખ ઉતપન્ન કરીએ છીએ. સ્વપ્ને પણ કોઈનું અનિષ્ટ ઈચ્છવું તે હિંસા છે. જો અયુકત વિચાર માત્ર હિંસા છે તો પછી કોઈપણ જીવને મારી નાખવાનો સવાલ જ કયાં આવે છે? ઉપર મુજબ આપણે જોઈ શકયા કે હિંસા એ જ દુઃખનું મૂળ છે તેથી હિંસા સર્વથા નિવારવી જોઈએ.

આપણે જો મરચા વાવ્યા હોય તો તેમાંથી આમ્રફળ થોડા ઉગે? જેવું વાવીએ તેવું જ લણીએ, જેવું કરીએ તેવું પામીએ. એટલે આપણે જેવું વર્તન અન્ય સાથે કરીએ તેનો બદલો તેવો જ મળે. સૌથી વિશેષ તો જે જીવ અનુચિત વર્તન કરે છે તેનો પોતાનો આત્મા ડંખે છે. તેથી આત્માને છેતરી - તેને ડંખવા દઈ - કોઈ પણ કાર્ય કરવું - કશું આચરવું તે પણ હિંસા જ છે.

આવું દુઃખ જીવમાત્રને ગમતું નથી ત્યારે સુખ મેળવવા માટે શું કરવું જોઈએ? જગતના મનુષ્યો સુખ મેળવવા માટે વલખાં મારે છે - ઝૂરે છે તેમને એમ લાગે છે કે સુખ સાંસારિક પદાર્થોમાંથી પ્રાપ્ત થશે. તેથી તેને મેળવવા માટે તેઓ કાળા-ધોળા કરે છે. પરિણામે તેને સુખ મળવાને બદલે દુઃખ નિરાશા પ્રાપ્ત થાય છે એવું જ છે વિષયસુખનું. તેમાંથી આનંદ પ્રાપ્ત કરવાની માનવીની ઈચ્છા બર આવતી નથી. જેમ જેમ તે ભોગ ભોગવે છે તેમ તે પોતે ભોગવાતો જાય છે અને પરિણામે દુઃખ અસંતોષ તેને આવી મળે છે જે ક્ષણિક સુખને અંતે દુઃખ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત થાય તેને સાચું સુખ કહી શકાય નહીં.

જો પથ્થર પાણીમાં તરે, સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગે, અગ્નિ ઠંડો થઈ જાય, સિંહ ખડ ખાય તો પણ પ્રાણીની હિંસા કોઈપણ કાળે સુકૃતને ઉત્પન્ન કરી શકતી નથી.

વળી જે માણસો પ્રાણીના વધ - હિંસાથી ધર્મ અને પરિણામે સુખની વાંચ્છના રાખે છે તે મનુષ્યો ભડભડતા અગ્નિ પાસેથી કમળના વનની ઈચ્છા રાખે છે સર્પના મુખમાંથી અમૃતની, વિવાદથી સુંદર ભાષણની, અજીર્ણથી રોગના નાશની અને ઝેરથી જીવિતની આશા રાખે છે.

શાંતિપર્વનો એક શ્લોક આપણે જોઈએ.

**सर्वे वेदा न तस्कुर्यः सर्वे यज्ञाश्च भारत ।**
**सर्वे तीर्थोभिषेकाश्च यत् कुर्यात् प्राणिनो दया ॥**

હે ભારત ! બધા વેદો તે નથી કરતા સર્વ યજ્ઞો પણ તે નથી કરી શકતા, સઘળાં તીર્થોમાં કરેલ અભિષેક તે નથી કરતા, જે પ્રાણી માત્રની દયા કરી શકે છે. એટલે કે દયા (અહિંસા) ના ફળ આગળ તે બધી વસ્તુઓ અર્થ વગરની છે.

બીજો શ્લોકપણ જોઈએ.

**अहिंसा परमो धर्मस्तथाडहिंसा परो दमः ।**
**अहिसा परमं दानमहिंसा परमं तपः ॥**

સર્વ શ્રેષ્ઠ ધર્મ અહિંસા છે. અહિંસા ઊંચામાં ઊંચો ધર્મ છે. દાન પણ અહિંસા છે અને ઊંચુ તપ પણ અહિંસા છે.

અર્થાત્ ધર્મ, દમ, દાન અને તપ એ ચારે ઊંચા છે પરંતુ જો જીવો પ્રત્યે અહિંસા નથી મનુષ્યો અહિંસાનું પાલન કરતા નથી તો પછી ધર્મ, દમ, દાન અને તપનો કશો જ અર્થ નથી.

મુસ્લિમ ધર્મના મહાન ગ્રંથ કુરાને શરીફમાં (સુરા ઉલ સિપારા મંજલ ૩ આયાતેમાં) પણ કહ્યું છે કે :-

''મક્કામાં તેની હદ સુધીમાં પ્રાણી વધ કરવો નહીં, અને મક્કાની હજ (યાત્રા) કરવા નીકળેલાએ ઘરેથી નિકળે ત્યારથી યાત્રા કરીને પાછો ફરે ત્યાં સુધી કોઈ પણ જાનવરને મારવું નહીં.''

આ રીતે અનેક ધર્મો અહિંસાને પુષ્ટિ આપે છે અને હિંસાને વર્જ્ય ગણે છે.

અહિંસા એટલે જીવમાત્રને સર્વ પ્રકારે અભયદાન. માનવી માત્ર અન્યનું શુભ ચિંતવે, અન્યને સુખ ઉત્પન્ન કરવા માટે આચરણ કરે, સત્ય પણ પ્રિય બોલે, પોતે દુઃખ, યાતના, અને નુંકશાન વહોરીને પણ પરોપકાર કરે તો આ વિશ્વ ઉપર સાચા અર્થમાં સ્વર્ગ ઉતરી આવે.

આવી અહિંસા આચરવી હશે તો પ્રત્યેક માનવીનું ચારિત્ર્ય મજબુત હોવું જોઈશે. તેને માટે ભગવાન મહાવીરસ્વામીના અંતિમ ઉપદેશમાંથી મેળવેલા કેટલાંક સુભાષિતો અત્યંત ઉપોયગી થઈ પડશે. આ રહ્યું એક વિચાર રત્ન.

પોતાની જાતને જીતવી જોઈએ. પોતાની જાતને જીતવી જ મુશ્કેલ છે. જેણે જાત જીતી છે, તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે. (પોતાની જાતને જીતનારનું ચારિત્ર્ય ખૂબ મજબુત બને છે.)

(સભાના મુખપત્ર 'શ્રી આત્માનંદ પ્રકાશ' પુ.નં.૬૨માંથી)

---

સગા દીકરા સાથે પાંચ મિનિટ પણ વાત કરવાનો જેને સમય નથી એ બાપ જ્યારે ઘરાક સાથે પાંચ - પાંચ કલાક સુધી વાતો કરે છે ત્યારે એમ થઈ જાય કે ઘરાક કદાચ બાપને લાખો રૂપિયા કમાવી આપશે પણ દીકરો મોટો થઈને બાપને ઘરમાં રહેવા જ નહીં દે ।

- મુનિ રત્નસુંદરવિજય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ફોર્મ નં. ૪૫ નિયત ૮

(૧) પ્રકાશન સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા (રજીસ્ટર્ડ ટ્રસ્ટ)
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

(૨) પ્રકાશન અવધિ : ત્રિમાસિક

(૩) મુદ્રક : પ્રકાશક : માલિક : શ્રી જૈન આત્માનંદ સભા - ભારતીય
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

(૪) તંત્રીનું નામ : જસવંતરાય સી. ગાંધી - ભારતીય.
શ્રી જૈન આત્માનંદ સભા , ખારગેઈટ,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

હું જસવંતરાય સી. ગાંધી આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ સમજ મુજબ સાચી છે.

લી.

તા. ૧૬-૪-૨૦૦૫ જસવંતરાય સી. ગાંધી
શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

આજે જ મંગાવો..... વસાવો...

**જનરલ લાઈબ્રેરી, સ્કૂલ લાઈબ્રેરી, જૈન પાઠશાળા તથા ગૃહસ્થોએ વસાવવા લાયક અમૂલ્ય પુસ્તક**

# હું અને મારી બા

લેખક :'સુશીલ'

મા વિના સુનો સંસાર, મા તે મા બીજા બધા વનવગડાના વા અને મા એટલે વહાલ તણો વરસાદ. આવી અનેક પંક્તિઓને ઉજાગર કરતી યાદગાર અવિસ્મરણીય સંસ્મરણોને રજૂ કરતી અને બાળકોના સુસંસ્કારોનું સિંચન કરતી લેખમાળા આપણા સમાજના લોકપ્રિય લેખક સ્વ.શ્રી ભીમજીભાઈ હરજીવનદાસ 'સુશીલ' ના કરકલમો દ્વારા લખાયેલ 'હું અને મારી બા' નામના આ પુસ્તકનું ત્રીજી વખત પુનઃ પ્રકાશન કરતાં આ સભા આનંદ અને ગૌરવ અનુભવે છે.

આ પ્રકાશનમાં સભાના પેટ્રન મેમ્બર શ્રીયુત નિશીથભાઈ મહેતાના આર્થિક યોગદાન બદલ સભા તેમના આ સદ્કાર્યની ભૂરિ - ભૂરિ અનુમોદના કરે છે.

**પુસ્તકની કિં. રૂા. ૨૫-૦૦**
**(પોસ્ટેજ ચાર્જ અલગ)**

**પ્રકાશન અને પ્રાપ્તિ સ્થાન : શ્રી જૈન આત્માનંદ સભા**
**ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.**
**ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ધર્મની પ્રાચીનતા

સંકલન : હિંમતલાલ જે. મોદી

જૈન ધર્મ ભારત વર્ષનો પ્રાચીન ધર્મ છે. અનંતકાળથી જૈન ધર્મના પુરસ્કર્તા તીર્થંકરો થયા. હાલ વર્તમાનમાં તીર્થંકર ભગવંતોનું શાસન છે, અને ભવિષ્યમાં ભાવી ૨૪ તીર્થંકરોની શ્રેણી થતી રહેશે.

આ અવસર્પિણી કાળના તીર્થંકર ચોવિશીના પ્રથમ તીર્થંકર ભ. આદિનાથ - ઋષભદેવ હતા. જેમણે અસ્ત્ર, મસી અને કૃષિની કલા શીખવી; સ્વરક્ષણ માટે તલવાર હથિયાર, લખવા માટે કલમ - શ્યાહી અને ભરણપોષણ માટે ખેતી કરવાનું શીખવ્યું. અર્થાત્ ખેતી, વેપાર અને રક્ષણ માટેની મુખ્ય રીત વસ્તુ શીખવી, પુત્રી બ્રાહ્મી અને સુંદરી દ્વારા વિવિધ કલાઓ શિખવી, લગ્ન અને કુટુંબ જીવનના આદર્શો આપ્યા. અહિંથી માનવ સંસ્કૃતિના બીજ રોપાયા.

૨૬૦૦ વર્ષ પહેલા જન્મેલા ભ. મહાવીર આ ચોવિશીના ચરમ તીર્થંકર હતા, જેમણે આ કાળમાં જૈન ધર્મને ઉજાગર કર્યા. ભ. મહાવીરના સમયમાં ધર્મના અનુષ્ઠાનોના નામે યજ્ઞો દ્વારા હિંસા થતી. સંસ્કૃતિ ઉપર વિકૃતિએ આક્રમણ કરેલું. હિંસા જોઈ ભ. મહાવીરનું હૃદય દ્રવી જતું તેમણે અહિંસાની આહલોક પુકારી શ્રમણ સંસ્કૃતિની પુનઃ પ્રતિષ્ઠા કરી.

તમામ તીર્થંકરોના જીવનની ઘટના, સમય અને દેશનાનો ગહન અભ્યાસ કરતાં જણાશે કે તે સર્વે તીર્થંકર ભગવંતોના જીવનમાં તપ, ત્યાગ, સદાચાર, સંયમ, સત્ય, પરોપકાર અને આત્મધર્મને સાક્ષાત્કાર કરી સ્વ - પરનું કલ્યાણ કરવું તે જ આદર્શ દૃષ્ટિમાન થાય છે.

વિવિધક્ષેત્રે વિવિધ સમયે દેખાતા જીવનનાં વિધવિધ ક્રમોમાં રહેલી એકરાગતા જ આર્ય સંસ્કૃતિની ઉપસતી તેજોત્રય રત્ન મહોર સમી નજરે પડે છે.

જૈન ધર્મના વર્તમાન ચોવિશીના તીર્થંકર ભગવંતોના શુભ નામ આ પ્રમાણે છે. ૧. ઋષભદેવ - આદિનાથ. ૨. અજિતનાથ. ૩. સંભવનાથ. ૪. અભિનંદનસ્વામી. ૫. સુમતિનાથ. ૬. પદ્મપ્રભુ. ૭. સુપાર્શ્વનાથ. ૮. ચંદ્રપ્રભુસ્વામી. ૯. સુવિધિનાથ. ૧૦. શીતલનાથ. ૧૧. શ્રેયાંસનાથ. ૧૨. વાસુપૂજ્ય સ્વામી. ૧૩. વિમલનાથ. ૧૪. અનંતનાથ. ૧૫. ધર્મનાથ. ૧૬. શાંતિનાથ. ૧૭. કુંથુનાથ. ૧૮. અરનાથ. ૧૯. મલ્લિનાથ. ૨૦. મુનિસુવ્રત સ્વામી. ૨૧. નમિનાથ. ૨૨. નેમનાથ. ૨૩. પાર્શ્વનાથ. ૨૪. વીરવર્ધમાન મહાવીરસ્વામી.

**આગમ :** જૈન ધર્મના પ્રમાણિત શાસ્ત્રગ્રંથોને આગમ કહે છે; આગમ શબ્દ 'આ' ઉપસર્ગ અને 'ગમ' ધાતુનો બનેલો છે. આ = ચોતરફ, ગમ = જાણપણું, આ = આપ્ત પુરૂષે કહેલ, ગ = ગણધરે ગૂંથે અને મ = મુનિરાજાએ આચરેલ એટલે જેના વડે વસ્તુ તત્ત્વનું સંપૂર્ણ સમ્યક્જ્ઞાન થાય અર્થાત્ પદાર્થના રહસ્યનું પરિપૂર્ણ જ્ઞાન થાય તે આગમ છે.

પૂર્વાચાર્યોએ શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારાને ગતિમાન રાખવા માટે સમયે સમયે આગમોનું સંપાદન, સંશોધન અને સંકલન કરી અદ્‌ભૂત યોગદાન આપ્યું છે. સમગ્ર માનવજાતના કલ્યાણની હિતચિંતા કરનાર ભ. મહાવીરના શ્રીમુખેથી 'ત્રિપદી' સાંભળીને ગણધર ભગવંતોએ ગૂંથેલા આગમનું ચિંતન, સ્વાધ્યાય અને પરિશીલન અજ્ઞાનતાના અંધકાર દૂર કરી જ્ઞાનના અજવાળા પ્રગટાવે છે. જૈન તત્વજ્ઞાન, આચારશાસ્ત્ર તથા વિચાર દર્શનનો સુભગ સમન્વય સાથે સંતુલિત તેમજ માર્મિક વિવેચન આ આગમોમાં છે; જેથી તેમાં જૈન પરંપરાના જીવન દર્શનની ઝલક જોવા મળે છે. આ આગમો દ્વારા આત્માને કર્મ મુકત બનાવવાનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગદર્શન મળે છે. માટે જિનાગમને આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ કહી શકાય.

આચાર્યશ્રી આર્યરક્ષિતે અનુયોગ અનુસાર વિષયની દ્રષ્ટિથી બધા આગમ સૂત્રોને ચાર વિભાગમાં વહેંચ્યા છે. (૧) દ્રવ્યાનું યોગ (આત્માને લગતું) (૨) ચરણ કરણાનું યોગ (સાધુ વિના આચાર ધર્મને લગતું) (૩) ગણિતાનું યોગ (ભૂગોળ - ખગોળ - ગણિતશાસ્ત્રને લગતું (૪) ધર્મકથાનું યોગ (ધર્મ કથા દ્વારા તત્ત્વજ્ઞાન સમજાવવું તે)

સ્થાનકવાસી તથા તેરાપંથી સંપ્રદાય ૩૨ સૂત્રોને આગમ તરીકે ઓળખે છે. ૩૨ આગમનું વર્ગીકરણ આ પ્રમાણે છે. ૧૧ અંગશાસ્ત્રો + ૧૨ ઉપાંગશાસ્ત્રો + ૪ છેદ શાસ્ત્રો + ૪ મૂળ શાસ્ત્રો + ૧ આવશ્યક શાસ્ત્ર આમ ૩૨ સૂત્રોનો આગમ તરીકે સમાવેશ થાય છે.

**અગિયાર અંગ સૂત્રો :** ૧. આચારંગ. ૨. સુયગડાંગ. ૩. ઠાણાંગ. ૪. સમવાયાંગ. ૫. ભગવતી. ૬. જ્ઞાતાધર્મકથા. ૭. ઉપાશકદશાંગ. ૮. અંતગડદશાંલ. ૯. અનુત્તરોવાઈ. ૧૦. પ્રશ્ન વ્યાકરણ. ૧૧. વિપાક.

**બાર ઉપાંગ શાસ્ત્રો :** ૧. ઉવવાઈ. ૨. શયપસેણી. ૩. જીવાભિગમ. ૪. પ્રજ્ઞાપના. ૫. જંબૂદ્વિપ પન્નતિ. ૬. ચંદ્રપન્નતિ. ૭. સૂર્ય પન્નતિ. ૮. નિરયાવલિકા. ૯. કથાવડસિયા. ૧૦. પુષ્ફીયા. ૧૧. પુષ્ફ ચુલિયા. ૧૨. વન્હિદશા.

**ચાર છેદ શાસ્ત્રો :** ૧. વ્યવહાર સૂત્ર. ૨. બૃહદ્દકલ્પ. ૩. નિશિથ સૂત્ર. ૪. દશાશ્રુતસ્કંધ.

**ચાર મૂળ સૂત્રો :** ૧. દશ વૈકાલિક. ૨. ઉત્તરાધ્યયન. ૩. નંદીસૂત્ર. ૪. અનુયોગદ્વાર.

**એક આવશ્યક સૂત્ર :** ૧. આવશ્યક સૂત્ર.

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજ ઉપરોક્ત ૩૨ સૂત્રોમાં નીચે પ્રમાણેના ૧૩ સૂત્રો ઉમેરી કુલ ૪૫ આગમ સૂત્રોને માને છે.

૧. પિંડનિર્યુક્તિ. ૨. ઓઘનિર્યુક્તિ. ૩. મહાનિશીથ અને પંચ કલ્પ તથા ૧૦ પયન્ના અર્થાત્ પ્રકરણ ગ્રંથોને ઉમેરી કુલ ૩૨+૧૩ = ૪૫ આગમોને માને છે.

શ્રી દિગંબર જૈન પરંપરા ભ. મહાવીરના સમયનું જ્ઞાન સંપૂર્ણપણે વિચ્છેદ (નાશ) પામ્યાનું માને છે. પરંતુ તેઓ દિગંબર આચાર્ય કુંદકુંદાચાર્ય આદિ રચિત સમયસાર પ્રવચનસાર આદિ શાસ્ત્રોને માને છે.

ઉપરોકત સૂત્રો ઉપરાંત આચાર્યશ્રી ઉમાસ્વાતિજી રચિત 'તત્ત્વાર્થ સૂત્ર' ગ્રંથ જૈન દર્શનના સંક્ષિપ્ત સાર રૂપ છે. જેને જૈન ધર્મના બધા ફીરકાઓ માન્ય રાખે છે.

("જૈન ધર્મ" માંથી સાભાર)

શુભેચ્છા સાથે....

**ધોળકીયા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ**

ધોળકીયા રણછોડદાસ ઝીણાભાઈ, પો. બો. નં. ૭૧, શિહોર- ૩૬૪ ૨૪૦.

ફોન : ઓફિસ :- ૨૨૨૦૩૭, ૨૨૨૩૩૯, ૨૨૨૨૪૪,

૨૨૨૦૧૨, ૨૨૨૨૪૨, ૨૨૨૬૭૭

ફેક્સ નં.: ૦૦૯૧ - ૨૮૪૬ - ૨૨૬૭૭

ટેલીગ્રામ - મહાસુગંધી, શિહોર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુણરત્ન સંવત્સર તપના ઉગ્ર તપસ્વીના પારણાનો અવસર ભાવનગરનાં આંગણે

કુલ ૪૮૦ દિવસમાં ૪૦૭ ઉપવાસની ઉગ્ર અને લાંબી તપસ્યા કરનાર તપસ્વી નવીનભાઈના પારણાનો અવસર ભાવનગર જૈન સંઘને પ્રાપ્ત થતાં સૈકાઓમાં પ્રથમવાર થયેલ આ તપશ્ચર્યાના પારણા પ્રસંગે મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

મૂળ મહેસાણા જિલ્લાના જગુદણ ગામના વતની અને હાલ મુંબઈ ભાઈન્દરમાં વસતા શ્રી નવીનચંદ્ર અમૃતલાલ શાહ (ઉ.વ. ૫૮) તા.૨૯ નવે. ૦૩ ના દિવસે ૧૫ મહિનાના દીર્ઘ અને ઉગ્ર એવા શ્રી ગુણરત્ન સંવત્સર તપનો પ્રારંભ કર્યો હતો. ૪૮૦ દિવસમાં કુલ ૪૦૭ ઉપવાસની આ તપશ્ચર્યાનું વર્ણન જૈન ધર્મના આગમગ્રંથ શ્રી ભગવતી સૂત્રમાં વિસ્તારથી કરવામાં આવેલ છે. ભ. મહાવીર સ્વામીના સમયમાં ખંધક અણગાર, અઈમુતા અણગાર, મેઘકુમાર મુનિ અને હલ્લ વિહલ્લ જેવા મુનિવરોએ આ તપશ્ચર્યા કરી હતી. છેલ્લા કેટલાય સૈકાઓમાં આ તપશ્ચર્યા ક્યાંય થઈ હોય તેવો ઉલ્લેખ જોવા મળતો નથી.

પૂ.આ.ભ.શ્રી જયઘોષ સૂરીશ્વરજી મ.સા. અને પૂ.આ.ભ.શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદથી તેમનો આ તપ નિર્વિઘ્ને પરિપૂર્ણ થયો છે.

આ તપશ્ચર્યાની પ્રેરણા કરનાર પૂ. ગણિવર્યશ્રી મુક્તિવલ્લભવિજયજી મ. સા. અને પૂ. મુનિશ્રી ઉદયવલ્લભવિજયજી મ. સા. ની નિશ્રામાં તપશ્ચર્યાની પૂર્ણાહૂતિ ભાવનગરના આંગણે થતાં ભાવનગર સંઘમાં આનંદ પ્રસરેલ. દાદા સાહેબના આંગણે તા.૨૭ માર્ચને રવિવારે શાહી ઠાઠ સાથે તપસ્વી નવીનભાઈનું પારણું કરાવવામાં આવેલ. આ અણમોલ અવસરે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન પણ કરવામાં આવેલ.

*With Best Wishes*

**Kinjal Electronics**

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari - 396445
Tele : (02637) 241321 Fax : (02637) 252 931



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સૌરભ

**પ્રહલાદ પ્લોટ - રાજકોટ :** આગમપ્રજ્ઞ પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ. સા. આદિ સાધુ - સાધ્વીજી મ. સા. ની શુભ નિશ્રામાં અને પ્રહલાદ પ્લોટ જૈન તપાગચ્છ સંઘના ઉપક્રમે અત્રે પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી શાસન પ્રભાવના પૂર્વક કરવામાં આવી.

**જીના (JINA) બેંગ્લોર :** જૈન ઈન્સીટયુટ ઓફ નેચરોપેથી એન્ડ એસ્ટ્રોલોજી સંસ્થા દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિ શિબીર Health Awareness Programe ના માધ્યમથી આસ્થમાં, બી.પી., કેલોસ્ટોલ - કબ્જ, ડાયાબેટીક, બિમારીઓની સાથે સાથે શારીરિક, માનસિક, સામાજિક, આધ્યાત્મિક ભાવનાત્મક સ્વાસ્થયતા સાથે સાથે સમ્યક જીવન જીવવાની કલાનું જ્ઞાન કરાવવાના હેતુસર શિબીરોનું આયોજન કરવામાં આવે છે. જેમાં વિશ્વની પ્રાચિનતમ અહિંસાત્મક - વૈકલ્પિક ચિકિત્સક પદ્ધતિઓનું જ્ઞાન શિખવવામાં આવે છે. વિશેષ માહિતી માટે ડૉ. ઉત્તમચંદ જૈન કટારીયા, ૧૩, શારદા બિલ્ડીંગ, ૭ મેઈન રોડ, શ્રીરામ પુરમ, બેંગ્લોર - ૫૬૦ ૦૨૧ નો સંપર્ક સાધવો.

**સુરતગઢ (રાજ.) :** પ્રવર્તક પ્રવરશ્રી જયાનંદવિજયજી મ. સા. આદિની શુભ નિશ્રામાં અત્રેના થર્મલ જૈન સંઘ દ્વારા અહિના મંદિરની વર્ષગાઠ નિમિત્તે ગત તા. ૧૪ થી ૧૯ માર્ચ દરમ્યાન પંચાન્હિકા મહોત્સવની ઉજવણી શાસન પ્રભાવનાપૂર્વક થયેલ.

**ભ. મહાવીર ફાઉન્ડેશન :** ભ. મહાવીર ફાઉન્ડેશનના સૌજન્યથી તા.૧૪-૨-૦૫ ના રોજ નવમાં મહાવીર પુરસ્કાર વિતરણ સમારોહનું આયોજન ચેન્નઈ મુકામે કરવામાં આવેલ. આ સમારોહમાં અહિંસા, શાકાહાર, શિક્ષણ, ચિકિત્સા અને સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનારાઓનું પાંચ લાખ રૂપિયા, પ્રશસ્તિ પત્ર તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ.

**ફરીદાબાદ :** પૂ. આ. શ્રી વિરેન્દ્રસૂરિજી મ. સા., પૂ. આ. શ્રી નિત્યાનંદસુરિજી મ.સા. તથા પૂ. આ. શ્રી વસંતસૂરિજી મ.સા. આદિની શુભ નિશ્રામાં મહાવીર સ્વામી જૈન મંદિર ખાતે તા.૨૨-૪-૦૫ થી તા.૨-૫-૦૫ દરમ્યાન અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી શાસન પ્રભાવના પૂર્વક કરવામાં આવી.

**શંખેશ્વર દીક્ષા પ્રદાન મહોત્સવ :** શ્રી નવીનકુશલજી લોઢા (ઉ.વ.૩૧) ગત તા. ૨૦ જુનના રોજ શંખેશ્વર તીર્થમાં પૂ. સિદ્ધિસૂરિજી મ. સા. (બાપજી મ.) ના સમુદાયના વિદ્વદ્વર્ય પૂ. મૂનિશ્રી જંબૂવિજયજી મ. સા. ના શિષ્ય પૂ. મૂનિશ્રી પુંડરિક વિજયજી મ.સા. ના શિષ્ય તરીકે દીક્ષીત થયેલ છે.

તા. ૧૯ જુનના શંખેશ્વર ખાતે વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળેલ જેમાં આપણી સભાના હોદ્દેદારશ્રીઓ તથા કારોબારીના સભ્યશ્રીઓએ હાજરી આપી હતી. તા.૨૦ જુન ના રોજ સવારના ૭-૦૦ કલાકે દીક્ષા પ્રદાનનો પ્રસંગ શાસન પ્રભાવનાપૂર્વક સંપન્ન થયેલ.

**☆ : ક્ષમા યાચના : ☆**

અનિવાર્ય સંજોગોના કારણે શ્રી આત્માનંદ પ્રકાશનો એપ્રીલ - ૦૫ નો અંક વિલંબે પ્રકાશિત કરવા બદલ સભાના સભ્યશ્રીઓની ક્ષમા પ્રાર્થીએ છીએ.

- તંત્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## : શોકાંજલિ :

મહુવાના વતની અને ઘોઘારી જૈન સમાજ મુંબઈના અગ્રણી શ્રી પ્રતાપરાય બેચરદાસ શેઠ (ઉ.વ. ૮૩) નું મુંબઈ ખાતે ગત તા. ૯-૬-૦૫ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

તેઓશ્રી આ સભાના પેટ્રન મેમ્બરશ્રી હતા. સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવતા હતા. અને સમયે સમયે સભાની માનદ્ પ્રવૃત્તિઓમાં સહયોગી બનતા હતાં.

તેઓશ્રીના દુ:ખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ દુ:ખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે સાથે સાથે સદ્ગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર.*

## : શોકાંજલિ :

આપણી સભાના સભ્યશ્રી ચીમનલાલ ખીમચંદભાઈ શેઠ (ઉ.વ. ૭૮) ગત તા. ૯-૫-૦૫ ના રોજ સુરત ખાતે અવસાન પામેલ છે. તેઓશ્રી આ સભાના માજી મંત્રીશ્રી તથા તત્કાલીકન કારોબારીના સભ્ય હતા. તેઓશ્રી સભાના માનદ્ સેવાના કાર્યો લાગણી અને મમતાપૂર્વક નિસ્વાર્થ ભાવે કરતાં હતાં.

તેઓશ્રીના દુ:ખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ દુ:ખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્ગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર.*

---

**અનુસંધાન પાના નં. ૨૩ નું શરૂ**

અજ્ઞાનીની દરેક પ્રવૃત્તિ પાછળ કામ, લાલસા અને આસક્તિને પોષવાની જ વૃત્તિ રહેલી હોય છે. એનું ધન ચિત્તના શૃંગાર પાછળ અને નયન પલ્લવને પ્રસન્ન કરનારી માધુરી પાછળ વેડફાતું હોય છે. આમ એ વેડફાતા ધનને પણ સન્માર્ગે ખરચ્યાનો ગર્વ લેતો હોય છે. અનાસક્તિનું તો એનામાં નામ કે નિશાન હોતું નથી. અજ્ઞાની ઘણીવાર અનાસક્તિની કે લાલસા છોડવાની વાતો પણ કરતો હોય છે... પરંતુ એની એ વાતો કેવળ બીજાને છેતરવા માટેની જ હોય છે.

જ્ઞાનીનો માર્ગ એથી જુદો જ હોય છે. કામ, આસક્તિ અને લાલસાને તો જીવનનું મોટામાં મોટું દૂષણ માનતો હોય છે - એનાથી દૂરનો દૂર રહે છે.

અજ્ઞાનીના લોભનો કદી અંત આવતો નથી. એ જેટલું મેળવે છે તેટલું તેને ઓછું જ લાગે છે અને વધુને વધુ મેળવવા માટે મથતો જ રહે છે.

જ્ઞાનીનો પ્રયત્ન પોતાની પાસે જ કંઈ હોય તે સઘળું છોડવાનો હોય છે.... એને પોતાના શરીરનો કે પોતાની કોઈપણ ચીજનો ય લોભ હોતો નથી કારણ કે તેની અંતરદ્રષ્ટિ જોતી હોય છે કે કોઈપણ વસ્તુ મારી હતી નહી, છે નહીં અને થવાની નથી.

આ રીતે કોયલ અને કાગની માફક રંગે, રૂપે જ્ઞાની અને અજ્ઞાની સમાન હોવા છતાં તેઓમાં આસમાન જમીનનું અંતર હોય છે.

જેમ કોયલ અને કાગ વાણીથી પરખાય છે...
તેમ અજ્ઞાની અને જ્ઞાની દ્રષ્ટિથી પરખાય છે.

(શ્રી આત્માનંદ પ્રકાશમાંથી સાભાર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉંમરને ભૂલી જાવ

**શ્રેયઃસાધક**

કેટલાક લોકો પોતાને કેટલાં વરસ થયાં છે એની યાદી રાખ્યા કરે છે. આવી યાદીથી લોકો પોતાને નુકસાન કરી રહ્યાં છે તેનું ભાન તેને હોતું નથી. જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ કાર્ય કરવાનો ઉત્સાહ ઓછો થાય છે.

મન પર અસર રહે છે હું હવે ઉમરલાયક થયો છું એટલે મારાથી વધુ પરિશ્રમ થઈ શકે નહિં. કોઈ નવું સાહસ કરવાની ઈચ્છા થાય નહિં. આવા આવા બીજા કેટલાક ગેરલાભો થાય છે અને પ્રગતિને રૂંધી નાખે છે.

જે માણસમાં ગમે ત્યારે કાર્ય કરવાનો ઉત્સાહ છે, આખો દિવસ પ્રવૃત્તિમય રહે છે, નવું નવું વિચારવાની કલ્પનાશક્તિ છે તે હંમેશા પોતાની ઉંમરને નજર સામે આવવા દેતો નથી. ઉંમર યાદ રાખવી એટલે વૃદ્ધાવસ્થાને નોતરવી.

વિશ્વવિખ્યાત નિસર્ગોપચારક સ્વ.શ્રી બર્નાર મેકફેડન જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી પોતાની જાતને જુવાન સમજતા હતા. તેઓ યુવાન કરતા વધારે શક્તિશાળી, મહત્વાકાંક્ષી અને પુરૂષાર્થી હતા. તેઓ ૮૭ વર્ષની ઉંમરે અવસાન પામ્યા. પૂજ્ય મહાત્મા ગાંધીજી જીવનની આખર ઘડી સુધી જુવાન કાર્ય કરતા હતા. તેઓ પોતાને યુવાન સમજતા હતા.

પંડિત જવાહર નહેરૂ પોતાની જાતને હંમેશા યુવાન ગણતા. એમની કાર્ય કરવાની શક્તિ અદ્‌ભુત હતી. આટલી ઉંમરે પણ કાર્ય કરતા થાકતા નહિં. એમનો ઉત્સાહ અને સ્ફુર્તિ આજના યુવાનો કરતા અનેકગણી વધારે હતી.

શ્રમ કરવામાં કદી પાછા પડશો નહિ. ખેલ - કૂદમાં ભાગ-લેવાનું ચૂકશો નહિ. ગંભીરતાને સ્પર્શતા નહિ. હંમેશા હાસ્ય સાથે દોસ્તી રાખો. ભૂતકાળની વાતોને યાદ કરશો નહિ. આજની વાતો કરવાની ટેવ રાખો. મુખ પર કંટાળો જણાવા દેશો નહીં. નિરાશાને તમારી પાસે આવવાની કોઈ તક આપશો નહિ. નિયમિત કોઈપણ વ્યાયામ કરીને શરીરને અને મનને તાજગીભર્યું બનાવજો. નિત્ય નવું શીખવાનું અને વિચારવાનું રાખો, જેથી તમે તમારી ઉંમરને ભૂલી જશો. જે દિવસે તમે તમારી ઉંમરને નજર સામે રાખશો તે દિવસથી તમારો કાર્ય કરવાનો ઉત્સાહ મંદ થશે. ઘડપણ તમારી સામે ડોકિયા કરતું આવી ઊભું રહેશે. મહત્વાકાંક્ષી બનો. પહેરવેશ સ્વચ્છ અને આકર્ષક હોવો જોઈએ. વાણીમાં, વર્તનમાં કે બીજી કોઈપણ પ્રવૃત્તિમાં નિરૂત્સાહ દેખાવા દેશો નહિં. કયાંય નબળાઈ પ્રવેશવા દેશો નહિ. માનસિક જડતાને દૂર કરજો, આટલું થશે એટલે તમે હંમેશા ઉંમરને ભૂલી જશો અને તમારૂં જીવન પ્રગતિમય બની રહેશે.

**(આત્માનંદ પ્રકાશ પુ. ૫૩માંથી)**

---

'પહેલાના કાળના અને આજના કાળના માણસ વચ્ચેનો કોઈ મહત્ત્વનો તફાવત જણાવશો ?'

'એમાં જણાવવાનું શું ? પહેલાના કાળમાં તો કહેવાતું કે, MAN HAS PROBLEM જ્યારે આના કાળે કહેવાય છે કે MAN IS PROBLEM

- મુનિ રત્નસુંદરવિજય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાની અને અજ્ઞાની

કોયલ અને કાગડાના રંગમાં કોઈ ફરક નથી. બન્ને શ્યામ છે... પરંતુ એના ગુણનો પરિચય તો એ બંનેની જમાતમાં રહેલો છે.

એ જ રીતે રૂપે, રંગે અને વાને જ્ઞાની અને અજ્ઞાની બંને સમાન હોય છે.

પરંતુ વાણીમાં કોયલ સમક્ષ કાગડો સાવ કંગાલ જ હોય છે, એ રીતે દ્રષ્ટિમાં જ્ઞાની આગળ અજ્ઞાની સાવ બિચારો હોય છે.

અજ્ઞાની અને જ્ઞાનીનું પારખુ 'દ્રષ્ટિ' માં રહેલું છે.

અજ્ઞાની પાસે બહારની સમૃદ્ધિ અને જમાવટ ગમે તેટલી હોય પરંતુ અંતરની સમૃદ્ધિમાં તો તે સાવ ભીખારી જ હોય છે.

માન, અપમાન, અભિમાન, ક્રોધ, વૈર, કામ, લાલસા, લોભ વગેરે વૃત્તિઓ પર જ્ઞાની વિજય મેળવે છે અને અજ્ઞાની એનો ગુલામ બનેલો હોય છે.

અજ્ઞાનીને માનની તીવ્ર ભૂખ જાગે છે ! જ્ઞાની માનની પરવા જ કરતો નથી. એના ચરણમાં માન તો રગદોળતું હોય છે, જ્યારે અજ્ઞાની એની પાછળ મથતો હોય છે.

જ્ઞાની દાન આપે છે ત્યારે તેના બદલાની કોઈ અપેક્ષા જ રાખતો જ નથી. અજ્ઞાની ઘણીવાર જ્ઞાની કરતાંયે બહુ વિશાળ દાન કરતો હોય છે પરંતુ તેના દાન પાછળ કેવળ કીર્તિની, પ્રતિષ્ઠાની અને પ્રશંસાની લાલસા સળગતી હોય છે.

અજ્ઞાની અપમાન કદી પણ સહી શકતો નથી. જેમ નાગને છંછેડાતા વાર લાગતી નથી જ્યારે જ્ઞાની અપમાનને હસતા હસતા પી જાય છે, પચાવી જાય છે. મીરાએ હસતા હસતા વિષનો પ્યાલો પચાવ્યો તેમ.

અજ્ઞાની અભિમાનનો પાલક શ્વાન બનેલો હોય છે. થોડીક સત્તા મળે ને તે ધરતીથી અદ્ધર ચાલતો હોય છે. નજીવો અધિકાર મળે ને તે તેની આંખોના ખૂણા લાલ બની જતા હોય છે.

જ્યારે જ્ઞાની જેમ જેમ સમૃદ્ધ બનતો જાય છે તેમ તેમ વધારે વિનમ્ર બનતો જાય છે. આંબા પર કેરી આવે તેમ આંબાની ડાળ નીચી નમે છે એ રીતે જ્ઞાની અભિમાનની ધૂણી ધખાવીને વધારે નીચો નમતો હોય છે.

અજ્ઞાનીને વાતવાતમાં ક્રોધ આવી જતો હોય છે. કદાચ કોઈ તેને હિતવાણી કહે તો પણ તે સહી શકતો નથી, એનું ધાર્યું ન થાય તો તરત તેનાં રૂવાડાં ઊભા થઈ જતાં હોય છે.

જ્યારે જ્ઞાનીના અંતરમાં રહેલો ક્ષમાભાવ કોઈપણ કાળે ક્રોધને પાસે જ આવવા દેતો નથી. કોઈપણ કારણે જ્ઞાની ક્રોધ કરવા તૈયાર થતો જ નથી. પોતાના ગમે તેવા નુકશાનને તે પોતાના કર્મનું ફળ જ માને છે અને સમભાવી રહે છે.

અજ્ઞાનીના અંતરમાં ક્ષમા કે સમભાવ જેવી કોઈ સંપત્તિ હોતી જ નથી એટલે તે અવારનવાર ક્રોધવશ થતો રહે છે.

જ્ઞાની કોઈપણ પ્રાણી પરત્વે વૈરભાવ રાખતો નથી. એ અંતરદૃષ્ટિથી મથતો રહે છે કે વૈરભાવ રાખવાથી હું જ નીચે પટકાવાનો છું.

પરંતુ અજ્ઞાની પાસે અંતરદ્રષ્ટિનો અભાવ હોવાથી તે વૈર માટે ભરચક પ્રયત્ન કરી વાળે છે. એની સત્તા આડે કોઈ આવ્યું હોય કે એના સ્વાર્થ વચ્ચે કોઈ અજાણતા આવી ચડ્યું હોય, તો અજ્ઞાની એનો બદલો લેવા માટે આકાશપાતાળ એક કરી નાખે છે.

જ્ઞાની સઘળું ઈશ્વર પર અથવા કર્મ પર છોડે છે.... અજ્ઞાની પોતે જ કર્તા બની જતો હોય છે. પોતે જ ન્યાયાધીશ બની જતો હોય છે, પોતે જ પોતાને સર્વશ્રેષ્ઠ માનીને વચ્ચે આવનારાઓને કચરી નાખવામાં ગૌરવ લેતો હોય છે.

અનુસંધાન પાના નં. ૨૧ પર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## માગેલા સુખમાં શું હોય ?

લક્ષ્મી, સત્તા, પરિવાર, બોડીગાર્ડ, યશ-કીર્તિ, આદિથી મનની પ્રસન્નતા, પૂર્ણાનંદતા અશક્ય જ અશક્ય ! ભલા સોજાઓના કારણે દેખાતી શરીરની પુષ્ટતાને આરોગ્ય થોડું કહેવાય ? ઉછીના માગી લાવેલા ઘરેણાથી થતી શોભાને સમજદાર વ્યક્તિ થોડી વાસ્તવિક સમજે ? માન - સરોવરના મોતીથી તૃપ્તિ અનુભવતા હંસો વિષ્ટા સામે નજર પણ કરે ખરા ? સમકિતી તો સમ્યગ દર્શન - જ્ઞાન - ચારિત્રથી જ પોતાની પરિપૂર્ણતાના ખ્યાલવાળો હોય !

તરંગોથી = મોઝાઓથી સમુદ્રની પૂર્ણતા વાસ્તવિક થોડી કહેવાય ?

- પં. શ્રી ગુણસુંદર વિજયજી ગણિ.


# મેસર્સ સુપર કાસ્ટ

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર.

**Manufacturer's of C.I. Casting. Ph. : 2445428 - 2446598**

## Mfrs. of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes

**JET ELECTRONICS**

Cassette House
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire Force Station,
DAMAN (U.T.) - 396210.



Tel. : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 663
Email : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi Ind. Est.
Goregoan (E)
MUMBAI - 400 069



Tel. : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
Email : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખની ચાવી

પાદરા,

તા.૪--૩-૧૯૧૨

નામ, કીર્તિ, મહત્તા અને પ્રતિષ્ઠાના પરપોટાની આશા રાખીને જગતનું તેમજ પોતાનું શ્રેયઃ કરવામાં કાર્યની પરિપૂર્ણ સિદ્ધિ થઈ શકતી નથી.

હું બીજાનાં કરતાં મહાન છું એવી અહંમતાને ભૂલીને સર્વ આત્માઓને સમાન માનીને તેઓના સદ્દગુણોની ઉન્નતિ જે જે ઉપાયો વડે થાય તે તે ઉપાયોને આદરવારૂપ સેવા કરવી જોઈએ. આવી દશામાં આવનાર મનુષ્યને સર્વ સદ્દગુણો ખીલવવા માટે નિષ્કામ સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

કોઈના પણ આત્માને શત્રુરૂપ ન કલ્પતાં તેની ઉન્નતિ અર્થે યથાશક્તિ બનતું કરવું જોઈએ. આવી રીતે સર્વ જીવોના સેવક વા મિત્ર બનીને તેઓનું શ્રેયઃ કરવા પ્રવૃત્તિ કરનાર મનુષ્યોને જૈન ધર્મ સન્મુખ કરી શકે છે.

જે મનુષ્યો નામ, રૂપ, લક્ષ્મી, કામ, ભોગ અને બાહ્ય મમત્વમાં મુંઝાય છે તેઓને ધર્મની દરકાર રહેતી નથી. તેઓ નામાદિકના સેવક બનવાથી પરમાર્થના સેવક બની શકતા નથી.

શ્રી વીર પ્રભુની જેમ જેઓ ધન, કીર્તિ, શાતા વગેરે બાહ્ય વસ્તુઓને નાકના મેલની જેમ ત્યાગ કરીને આત્માની ઊન્નતિ કરવા પ્રયત્ન કરે છે તેઓ ધર્મનો પ્રચાર કરવા સમર્થ બને છે.

ભારતવાસી આર્ય જૈનો જો હવે સ્વાર્થ ત્યાગીને પોતાના અને જગતના ઉદ્ધાર માટે જાગૃત નહિ થાય તો તેઓ મનુષ્ય કોટીમાં પણ પોતાને ગણાવવાને લાયક રહેશે નહિં.

જેઓ જૈન ધર્મનો ઉદ્ધાર કરવાની ઈચ્છા રાખે છે તેઓએ નવીન પંથ કાઢવાની કલ્પના પણ મનમાં કરવી ન જોઈએ. પંથ કાઢનારની દ્રષ્ટિ ટુંકી હોય છે. વિશાળ દ્રષ્ટિ વિના, વિશાળ જેનું ક્ષેત્ર છે એવા જૈન ધર્મનો અધિકારી બની શકતો નથી. અત્રે એટલું વિશેષ સમજવું કે વિશાળ દ્રષ્ટિનો અર્થ જૈન સિદ્ધાંતોથી વિપરીત મનની અસત્ય કલ્પના રૂપ કોઈએ ન સમજવો. ઉદાર મન રાખીને ધર્મની અપૂર્વ ભેટ ખરેખર અન્યોને આપવી જોઈએ. પોતાના ધર્મમાં સર્વ સુખની ચાવીઓ છે. માટે જૈનોએ પોતાના જૈનધર્મના ઉદાર ભાવથી પ્રચાર કરવો જોઈએ.

(પાથેય પુસ્તકમાંથી સાભાર)

જે મનુષ્યો નામ, રૂપ, લક્ષ્મી, કામ, ભોગ અને બાહ્ય મમત્વમાં મુંઝાય છે તેઓને ધર્મની દરકાર રહેતી નથી. તેઓ નામાદિકના સેવક બનવાથી પરમાર્થના સેવક બની શકતા નથી.

- શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એપ્રિલ - ૨૦૦૫ ❑ RNI No. GUJGUJ/2000/4488

न कस्याप्यशुभं वाञ्छेर्नापिकुर्याश्च किश्चन ।
प्रयतस्व यथाशक्ति परेषां हितसाधने ॥

卐

કોઈનું બુરૂં ઈચ્છીશ મા !
કોઈનું બુરૂં કરીશ મા !
બીજાઓનું ભલું કરવામાં
જ યથાશક્તિ ઉદ્યત રહે.

卐

Neither do nor wish ill to anyone.
Try according to your ability
for the benefit of others.

*(કલ્યાણભારતી ચેપ્ટર - ૧,*
*ગાથા : ૭, પૃષ્ઠ - ૭)*

卐

BOOK-PACKET CONTAINING PERIODICAL

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

**તંત્રી :** શ્રી જસવંતરાય સી. ગાંધી

**મુદ્રક અને પ્રકાશક :** શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી જસવંતરાય સી. ગાંધીએ ધનશ્યામ ઓફસેટ, નિલકંઠ મહાદેવ મંદીર સામે, ભગાતળાવ, ભાવનગર-૩૬૪ ૦૦૧ માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.

For Private And Personal Use Only